**આજનો સુવિચાર**

વિશ્વનાં નિર્માણમાં જે સ્થાન જળનું છે, તે સ્થાન જીવનમાં મૈત્રીનું છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક


જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૨૯ જૂનાગઢ તા.૧૫-૯-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 229, Junagadh : Date : 15 September, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# ભારત માતાનાં વિર સપૂતને આખરી સલામ

## શહિદ મેજર આશિષનાં પાર્થિવ શરીરને રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર : એક કિલો મીટર લાંબો કાફલો : ૧૦ હજાર લોકો જોડાયા



પાણીપત તા. ૧૫ કાશ્મીરના અનંતનાગમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં શહીદ થયેલા મેજર આશિષ ધોંચક (૩૬)નો પાર્થિવ દેહ પાણીપતથી તેમના વતન બિંજૌલ ગામ પહોંચ્યો છે. અહીં રાજકીય સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. એક કિલોમીટર લાંબો કાફલો તેમની અંતિમ યાત્રામાં લગભગ ૧૦હજાર લોકો જોડાયા છે. શહીદને અંતિમ વિદાય આપવા માટે લોકોની ભારે ભીડ ઊમટી હતી.

અંતિમ યાત્રા દરમિયાન શહીદ મેજર આશિષની માતા અને બહેનો પણ બિંજૌલ જઈ રહ્યા હતા. તેમની બાહેને કહ્યું કે મારો ભાઈ અમારૂ અને દેશનું ગૌરવ છે. તેમના માતા સતત હાથ જોડી રહ્યા હતા, જ્યારે બહેન પોતાના ભાઈને સલામી આપી રહી હતી.

## કાશ્મીરના અનંતનાગ એન્કાઉન્ટરમાં વધુ એક જવાન શહીદ, ચોથા દિવસે પણ સર્ચ ઓપરેશન યથાવત

જમ્મુ તા. ૧૫ દક્ષિણ કાશ્મીરના અનંતનાગના કોક્રનાગ વિસ્તારમાં સેના દ્વારા સતત ચાલી રહેલા સર્ચ ઓપરેશનમાં વધુએક જવાન શહીદ થયો હતો જ્યારે બે જવાન ઘાયલ થયા હતા જેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

બુધવારથી શરૂ થયેલા સર્ચ ઓપરેશનમાં અત્યાર સુધીમાં ચાર જવાન શહીદ થયા છે. જમ્મુ કાશ્મીરના અનંતનાગના કોકરનાગ વિસ્તારમાં સેના દ્વારા સતત ચાલી રહેલા સર્ચ ઓપરેશનમાં વધુ એક જવાન શહીદ થયો હતો. આ જવાન ગઈ કાલે એન્કાઉન્ટર દરમિયાન ઘાયલ થયો હતો. આ શહીદ થયેલા મેજર આશિષ ઢોંચકના પાર્થિવ દેહને તેમના નિવાસ્થાને લાવવામાંઆવ્યો હતો. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ અનંતનાગના કોકરનાગ વિસ્તારમાં સેનાનું સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે.




## નવરાત્રી મહોત્સવ મનાવો ટાઉનહોલનાં ગ્રાઉન્ડમાં

- શું આપ નવરાત્રી મહોત્સવ માટે પાર્ટી પ્લોટ કે મેદાન રાખવાનું વિચારી રહયા છો ?
- શું આપ સર્વજ્ઞાતિય નવરાત્રી મહોત્સવનાં આયોજન માટે વિચારી રહયા છો ?
- શું આપ એક દિવી -બે દિવસ અથવા ૧૦ દિવસ માટે ગ્રુપમાં દાંડીયા રાસનાં આયોજનનું વિચારી રહયા છો ?

તો મુંઝાશો નહી... કારણ કે....

**જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ કાળવા ચોક ખાતે આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલનું ગ્રાઉન્ડ છે જ...**

**આ ગ્રાઉન્ડ આધુનીક સુવિધાઓથી સજજ છે જેમાં લાઈટ ડેકોરેશન, નામી ઓરકેસ્ટ્રા મ્યુઝીકલ પાર્ટી, નામી કલાકારો સાથેની પણ વ્યવસ્થા છે આપને તો માત્ર નવરાત્રી મહોત્સવનું આયોજન જ કરવાનું છે બાકી સંપૂર્ણ સુવિધાથી સજજ છે**

**વહેલા તે પહેલાનાં ધોરણે**

**તો આપ રાહ શેની જોઈ રહયા છો ...?**

**બુકીંગ ચાલુ છે**

**સંપર્ક : મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧**

**જૂનાગઢ**


## INDIA ગઠબંધન ૧૪ ન્યુઝ એન્કરનો બહિષ્કાર કરશે : ભાજપે કટોકટી સાથે તુલના કરી

નવી દિલ્હી તા. ૧૫

વિપક્ષી દળોનું ગઠબંધન ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટ ઈન્કલૂઝિવ એલાયન્સના તમામ પક્ષોએ મોટો નિર્ણય લેતાં કહ્યું કે હવે તેમના પ્રતિનિધિઓ દેશમાં સંચાલિત ૧૪ જેટલા ટેલિવિઝનના એક્રના કાર્યક્રમોમાં ભાગ નહીં લે. જોકે આ મામલે ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એન્ડ ડિજિટલ એસોસિએશને કહ્યું કે આ નિર્ણય ઘાતક મિસાઈલ સાબિત થશે. તે લોકતંત્રના મૂલ્યો વિરુદ્ધ છે. જ્યારે આ મામલે સત્તાધારી ભાજપે વિપક્ષના ગઠબંધન સામે નિશાન તાકતાં તેમના આ નિર્ણયની તુલના ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સરકાર દરમિયાન દેશ પર લદાયેલી કટોકટી સાથે કરી હતી. ઉલ્લેખનીય છે કે I.N.D.I.A. ગઠબંધનની મીડિયા સંબંધિત સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. એક નિવેદન જાહેર કરીને જણાવાયું કે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ યોજાયેલી બેઠકમાં I.N.D.I.A. કોઓર્ડિનેશન કમિટી દ્વારા લેવાયેલા નિર્ણયો મુજબ વિપક્ષી ગઠબંધનના પક્ષો આ ૧૪ એક્રના શો અને કાર્યક્રમમાં તેમના પ્રતિનિધિને નહીં મોકલે. વિપક્ષી દળોના ગઠબંધનને આ નિર્ણય પાછો ખેંચી લેવાનો આગ્રહ કરતાં NBDAએ કહ્યું કે I.N.D.I.Aની મીડિયા સમિતિના અમુક પત્રકારો/એન્કરોના શો અને કાર્યક્રમોમાં તેમના પ્રતિનિધિઓને નહીં મોકલવાના નિર્ણયથી તે વ્યથિત અને ચિંતિત છે. આ એક ખતરનાક ઉદાહરણ બનશે.

### હવે અલગ અલગ દસ્તાવેજોની ઝંઝટમાંથી મળશે મુક્તિ

## ૧ ઓકટોબરથી બર્થ સર્ટીફીકેટથી કામ થઈ જશે

નવી દિલ્હી તા. ૧૫

જો આપ અલગ અલગ કામ માટે અલગ અલગ ડોક્યુમેન્ટ માંગતા હોવાથી પરેશાન થઈ ગયા હોવ તો હવે ચિંતા કરતા નહીં, કારણ કે આ તકલીફ હવે એક ઓક્ટોબરથી દૂર થઈ જશે.

હવે આપની પાસે જો બર્થ સર્ટિફિકેટ હશે, તો તેનાથી જ બધા કામ થઈ જશે. પછી આપને સ્કૂલ કોલેજમાં એડમિશન લેવાનું હોય, ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ બનાવવાનો હોય. મતદાર યાદીમાં નામ જોડવાનું હોય, આધાર અથવા મેરેજ સર્ટિફિકેટ કરાવવાનું હોય, એટલું જ નહીં સરકારી નોકરી માટે પણ તે કામમાં આવશે.

સરકારનો દાવો છે કે, તેનાથી નાગરિકોના જન્મ અને મૃત્યુ વિશે વધારે સટીક અને વિશ્વસનિય જાણકારી મળી જશે. આ ઉપરાંત તેના દ્વારા લોકોને વિવિધ સરકારી સેવાઓ સુધી પહોંચવામાં સરળતા રહેશે. સરકાર બર્થ સર્ટિફિકેટની પ્રક્રિયા પણ પહેલાથી સરળ બનાવવા જઈ રહી છે. જેથી તેને મેળવવામાં લોકોને કોઈ તકલીફ ન પડે. કેન્દ્ર સરકાર તેને ચોમાસું સત્રમાં જન્મ અને મૃત્યુ રજિસ્ટ્રેશન પર બિલ લઈને આવી હતી. કાયદો બન્યા બાદ તે ૧ ઓક્ટોબરથી લાગૂ થઈ જશે. ત્યાર બાદ લોકો તેનો ઉપયોગ વિવિધ સેવાઓ માટે સિંગલ ડોક્યુમેન્ટ તરીકે કરી શકશે. તેનો ઉપયોગ કરીને સ્કૂલ-કોલેજમાં એડમિશનથી લઈને સરકારી નોકરી મોટી અરજી પણ કરી શકશે.

એક ઓક્ટોબરથી ફક્ત બર્થ સર્ટિફિકેટથી સ્કૂલ-કોલેજમાં એડમિશન, ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ, મતદાર યાદીમાં નામ જોડવા, આધાર અથવા મેરેજ રજિસ્ટ્રેશન વગેરે કામ થઈ જશે. આ ઉપરાંત સરકારી નોકરી માટે આ કામમાં આવશે.







# પાટણવાવના ઓસમ ડુંગરે યોજાનાર લોકમેળામાં ઉમટશે માનવ મહેરામણ



**૬૩૫ એકરમાં ફેલાયેલા ઐતિહાસિક પર્વતની ટોચે ''માત્રી મા''નું મંદિરનો મહાભારતમાં છે ઉલ્લેખ : અંદાજે ૨૦૦ વર્ષથી દર વર્ષે અહીં ભાદરવી અમાસે ભરાય છે લોકમેળો : પર્વતના ૫૮૫ પગથિયાં : યુવા સાહસિકો માટે દરવર્ષે યોજાય છે ઓસમ આરોહણ અવરોહણ સ્પર્ધા**



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૫

રાજકોટ જિલ્લામાં આવેલા પર્વતો ઉપર નજર કરીએ તો રાજકોટ જિલ્લાના છેવાડે ધોરાજી તાલુકાના પાટણવાવ ગામે ઓસમ ડુંગર આવેલો છે. રાજય સરકારે આ ડુંગરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની મંજૂરી આપી હતી. જેથી આ સ્થળનો લાખોના ખર્ચે આકર્ષક અને રળિયામણો વિકાસ જિલ્લા વહિવટી તંત્રદ્વારા થયો છે. અંદાજે ૨૦૦ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ દર વર્ષે અહીં ભાદરવી અમાસના રોજ લોકમેળો ભરાય છે. ચાલુ વર્ષે પણ તા.૧૫થી ૧૭ સપ્ટેમ્બર દરમ્યાન અહીં લોક મેળો યોજાશે. જેમાં મોટી સંખ્યામાં ભકતો ઉમટી પડવાની સંભાવના છે. રાજકોટ જિલ્લાનું હિલ સ્ટેશન એવા ઓસમ પહાડ ઉપર હરિયાળી આચ્છાદિત હોવાથી અહીં કુદરતી સૌંદર્યને માણવા લાખો પ્રવાસીઓ ઉમટી પડે છે. યુવા સાહસિકો માટે દર અહીં વર્ષે ઓસમ આરોહણ અવરોહણ સ્પર્ધા યોજાય છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એડવન્ચર સ્પોર્ટસ તરીકે પણ આ સ્થળનો વિકાસ થઈ રહયો છે. ૬૩૫ એકર વિસ્તારનો ફેલાવો અને ઐતિહાસિક મહાત્મ્ય ધરાવતા પર્વતની ટોચે માત્રી માતાનું મદિર આવેલું છે. લોક મેળાના આ પ્રસંગે દેશ-વિદેશમાંથી ભાવિકો ઉમટી પડે છે. આ પર્વત પર ૫૮૫ જેટલાં પગથિયાં છે. ઓસમ ડુંગરની શિલાઓ સપાટ અને લીલી હોવાથી ભૂતકાળમાં એક સમયે તે માખણિય પર્વત તરીકે ઓળખાતો હતો. આ પર્વતનો ઉલ્લેખ મહાભારતમાં પણ થયેલા જોવા મળે છે. જેમાં શ્રી માત્રી માતાનો ઉલ્લેખ શ્રી છત્રેશ્વરી માતા તરીકે થયો છે. આ ઓસમ ડુંગરનો હિમાચલપ્રદેશ જેવી હરિયાળીનો નજારો જોવા લાખો પર્યટકો આવી આનંદિત થતાં હોય છે. ઓસમ ડુંગર ઉપર માત્રી માતાજીનું મંદિર, હીડંબાનો હિચકો, સ્વયંભૂ ટપકેશ્વર મહાદેવ મંદિર, તળાવ સહિત જૈન ધર્મના આસ્થા સમી ધાર્મિક જગ્યાઓ આવેલી છે.

# સોમનાથમાં બિરાજમાન છે કપર્દિ વિનાયક ગણપતિ



(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસપાટણ તા. ૧૫

વિશ્વ પ્રસિધ્ધ ભગવાન શ્રી સોમનાથ મંદિર પરીસરમાં ઈશાન ખૂણામાં કપર્દિ વિનાયક મંદિર આવેલ છે. એમ કહેવાય છે કે આ મંદિર મહારાજા કુમારપાળની આજ્ઞાથી પાશુપતાચાર્યભાવ બ્રહ્મસ્પતિએ બનાવેલ છે. આ મંદિર ૮૦૦ વર્ષ પુરાણું છે. જેમાં ભગવાન ગણપતિ ગણનાયક-રક્ષકના રૂપમાં છે. એમ માનવામાં આવે છે કે ભગવાન કપર્દિ વિનાયક સ્થાપનના રક્ષક દેવતા છે. સોમનાથ મંદિર દર્શન કરવા આવતા મોટાભાગના દર્શનાર્થીઓ આ મંદિરના દર્શન અવશ્ય કરે છે. ચાલુ વર્ષે સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા તા. ૧૯ થી ૨૮ સપ્ટેમ્બર સુધી પાર્થિવ ગણેશ પૂજનનું આયોજન કર્યુ છે. જેમાં શાસ્ત્રોકત રીતે શ્રી ગણેશ આરાધનાના મહાપર્વ એવા ભાદરવા માસમાં ગણેશ નવરાત્રી દરમ્યાન પૌરાણીક કપર્દિ વિનાયક ગણેશજીના સાંનિધ્યમાં પાર્થિક ગણેશ પૂજા રખાઈ છે. જે માટે સવારે ૯, ૧૦ કલાકે સ્લોટ દીઠ મર્યાદીત પીઠીકા ઉપલબ્ધ અને માત્ર રૂા. ૨૫૧ ન્યોછાવર રાશિ ભરી એક પૂજામાં અધિકતમ પાંચ યજમાનો બેસી શકશે. જેનું રજીસ્ટ્રેશન સોમનાથ મંદિર પૂજાવિધિ કાઉન્ટર ઉપર થઈ શકશે. સોમનાથ મંદિરમાં પણ ગજાનન બિરાજમાન છે. આ ઉપરાંત અહલ્યાબાઈ સોમનાથ મંદિર અને ટ્રસ્ટના રામ મંદિરમાં પણ ગણપતિ દાદાની મૂર્તિ બિરાજમાન છે. સોમનાથ ટ્રસ્ટના ભીડભંજન મંદિરમા પણ ગણેશ ભગવાનની મૂર્તિ બિરાજમાન છે. જયાં વર્ષભર દર મંગળવારે દર્શનાર્થે ભાવિકોની ભારે ભીડ થાય છે અને મેળા જેવું વાતાવરણ બને છે.

પ્રભાસ પાટણના ઠાકોર મંદિર પરીસરમાં આવેલ હાટકેશ્વર મંદિરમાં વિશાળ ગણપતિ ગજાનની મૂર્તિ બિરાજમાન છે. પ્રભાસપાટણના પાટચકલા પાસે આવેલ ભીડીયા શેરીમાં ગણપતિ ભગવાનની દર્શનીય પૂજનીય મૂર્તિ છે. જયાં ભાવિકો આજેય પણ ભાવ શ્રધ્ધાથી પૂજન કરવા જાય છે. સોમનાથ, પ્રભાસ પાટણમાં વર્ષો પહેલા તત્કાલીક સોમનાથ મંદિરના પૂજારી વાસુદેવભાઈ મોઢે અને એન્જીનીયર રાવના નિવાસ સ્થાને જ ગણેશોત્સવ દરમ્યાન ગણપતિ સ્થાપના-પૂજન ઉત્સવ થતો જેનાથી પ્રેરાઈ આજે સમગ્ર શહેરમાં અનેક સ્થળે ગણેશોત્સવ ધામધૂમ અને ભકિતથી ઉજવાય છે.

# ભવનાથ : અહીં કેમ ભેંસો ચરાવવા આવે છે તેમ કહી માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢના ભવનાથ વિસ્તારમાં કાશ્મીરીબાપુની જગ્યા તરફ જંગલમાં બનેલા એક બનાવમાં માર મારવામાં આવેલ છે.

આ અંગે ભવનાથ લંબે હનુમાનજીની જગ્યા સામે રબારી નેસમાં રહેતા બધાભાઈ ગાંડાભાઈ કટારા (ઉ.વ.૨૦)એ રોહિત બચુભાઈ કટારા, કરણ બચુભાઈ કટારા, દિપ બચુભાઈ કટારા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી કાશ્મીરીબાપુની જગ્યા તરફ જંગલમાં ભેંસો ચરાવવા માટે ગયેલ હોય ત્યારે આ કામના આરોપીઓએ ફરિયાદીનો કહેલ કે તું અહીં અમારા પરિવારની મહિલાઓ કપડા ધોવા આવે છે ત્યારે લેવા આવે છે તેમ કહી આ કામના આરોપીઓએ લાકડી વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા ભવનાથ પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ તાલુકાના ચોકી ગામે અજાણ્યા વાહને મોટરસાઈકલને ટક્કર મારતા યુવાનનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ તાલુકાના ચોકી બસ સ્ટેશન નજીક એક અકસ્માતનો બનાવ બન્યો છે. જેમાં એકનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે રજુભાઈ સવદાસભાઈ (ઉ.વ.૩૬) રહે.જોષીપરા વાળાએ અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીના ભાઈ રમેશભાઈ સવદાસભાઈ છુછર (ઉ.વ.૪૦) પોતાનું ડીસ્કવર મોટરસાઈકલ નંબર જીજે-૧૧-એસી-૫૭૦૬નું લઈને જેતપુર થી જૂનાગઢ આવતા હતા તે દરમ્યાન ચોકી ગામે બસ સ્ટેન્ડ પાસે પહોંચતા કોઈ અજાણ્યા વાહન ચાલકે ફરિયાદીના ભાઈના મોટરસાઈકલને ટક્કર મારી પોતાનું વાહન પુર ઝડપે અને ગફલત ભરી રીતે હકારી લાવી આ કામના ફરિયાદીના ભાઈને ટક્કર મારી ફરિયાદીના ભાઈને શરીરે માથાના ભાગે ગંભીર ઈજા કરી તથા શરીરે ઈજાઓ કરી મોત નીપજાવી પોતાનું વાહન લઈ નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા તાલુકા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જીવનની સંધ્યાને નવી સવાર આપતી વોકહાર્ટ હોસ્પિટલ

## વૃધ્ધાવસ્થામાં થતા રોગોમાં સમયનો વિલંબ એ સારવારને જટીલ બનાવે છે : ડો.વિકાસ જૈન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૫

તાજેતરમાં ૮૪ વર્ષના વૃધ્ધ દર્દી જેમને લાંબા સમયથી ડાયાબીટીસ, બ્લડપ્રેસરની દવા ચાલતી હતી. નિયમિત દવા લેવા છતા એમને બંને પગમાં ચાંદા પડી ગયા હતા ૩ મહિના દવાઓ લેવા છતા રાહત ના મળતા તેઓ રાજકોટની એન.એમ.વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ ખાતે સારવાર માટે આવ્યા.

વોકહાર્ટ હોસ્પિટલના ન્યુરો અને વાસ્કયુલર ઈન્ટરવેન્શનલ રેડીયોલોજીસ્ટ ડો.વિકાસ જૈન ની દેખરેખ હેઠળ તેમની સારવાર શરૂ કરવામાં આવી હતી. દર્દીના જરૂરી રિપોર્ટસ અને તપાસ કરતા વાસ્કયુલર બ્લોકના લક્ષણો જણાતા તાત્કાલીક બંને પગની સી.ટી.એન્જીયોગ્રાફી કરાવી. તે રિપોર્ટસમાં બંને પગને લોહી પહોંચાડતી મુખ્ય ધમની **(Abdominal Aorta)**માં કિડની ની નીચેના ભાગમાં કેલ્શિયમયુકત બ્લોક જણાયો. તેમણે અતિઆધુનિક ઈન્ટ્રાવાસ્કયુલર લીથોટ્રીપ્સીની અને સ્ટેન્ટ બેસાડવાની સારવાર માટે દાખલ કરવામાં આવ્યા.

આ સારવારમાં બ્લોકના સ્થાન પર બલુન દ્વારા ધમની ની દિવાલમાં જામેલા કેલ્શિયમને શોક આપી તોડી નાખવામાં આવ્યું. અને ખુલેલી નળી પાછી બંધના થઈ જાય એ માટે સ્ટેન્ટ મુકીદેવામાં આવેલ.આ સારવાર બાદ દર્દીના બંને પગમાં લોહીનો પ્રવાહ સામાન્ય થઈ ગયો. જેનાથી દર્દીના પગના ચાંદામાં રૂઝના લક્ષણો આવી જતા એમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

ઈન્ટરવેન્શનલ રેડીયોલોજી એ આધુનિક મેડીકલ સાયન્સ છે જે શરીરના અલગ અલગ અંગમાં થતા રોગોની સારવાર કરવાની એક આધુનિક પધ્ધ્તી છે. જેમાં નાના કાપા દ્વારા થતી પેરીફેરીયલ વાસ્કયુલર ડીસીઝ, મગજ અને કરોડરજ્જુ, લીવર, કીડની, ડાયાબીટીક ફુટના નિદાન અને સારવાર માટેની પધ્ધતી છે.




**ઈન્ટરવેન્શનલ રેડીયોલોજીના ફાયદા**

ઓછુ જોખમ
ઓછો દુખાવો
નાના કાપાથી થતી સારવાર
ઝડપી રીકવરી

## પ્રાચી ખાતે શ્રી સદગુરૂ નેત્ર નિદાન કેમ્પ તથા હાડવૈદ્ય કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તા.૧૫

પ્રાચી તીર્થ આયોજક અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર તથા રંભુબેન ઉકાભાઈ ચુડાસમા સેવા સમિતિ પ્રાચી તીર્થ તથા શ્રી રણછોડદાસબાપુ આંખની હોસ્પિટલ રાજકોટ દ્વારા પ્રાચી ખાતે તા. ૧૮-૯-૨૩ સોમવારનાં રોજ શ્રી સદગુરૂ નેત્ર નિદાન કેમ્પ તથા હાડવૈદ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. વધુ વિગત માટે ગાયત્રી સ્ટીલ એન્ડ કિચનવેર, પત્રકાર જાદવભાઈ ચુડાસમા પ્રાચી મો.નં. ૯૯૭૮૫ ૨૩૧૮૨ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવેલ છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિતે દ્વારકાધીશ મંદિર શિખર ઉપર નૂતન ધ્વજારોહણ તેમજ મનોરથનો કાર્યક્રમ યોજાશે



વડાપ્રધાનના જન્મદિવસ નિમિતે શિખર ઉપર છેલ્લી ધ્વજા ચઢાવવામાં આવશે તે ધજા આખી રાત ફરકતી રહેશે.

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૫

૧૭મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે દ્વારકાધીશ જગત મંદિર શિખર ઉપર નુતન ધ્વજારોહણ તેમજ દ્વારકાધીશજીને મનોરથ યોજાશે. પોરબંદરના સાંસદ રમેશભાઈ ધડુક દ્વારા ધ્વજા રોહન કરાશે.

# ખંભાળિયા પંથકમાં મુશળધાર બે ઈંચ વરસાદ : વાતાવરણ ખુશનુમા



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયામાં આજરોજ બપોરથી છવાયેલા ઘટાટોપ વરસાદી માહોલ બાદ ગત સાંજે વરસાદના જોરદાર ઝાપટા સતત વરસી જતા શહેરના માર્ગો ઉપર પાણી ચાલી નીકળ્યા હતા. માત્ર એકાદ કલાકના સમયગાળાના બે ઈંચથી વધુ વરસાદ વરસી ગયો હતો. ખંભાળિયા તાલુકામાં ગઈકાલે ૫૨ મિલીમીટર સાથે મોસમનો કુલ વરસાદ ૧૪૦૮ મિલીમીટર નોંધાયો છે. અહીંના રામનાથ સોસાયટી વિસ્તારના માર્ગ ઉપર થોડો સમય પાણી ભરાઈ ગયા હતા. વરસાદના પગલે શહેરના જુદા-જુદા વિસ્તારોમાં આવર-નવાર નવા લાંબો સમય વિજ પુરવઠો ખોવાઈ જતા નગરજેનો ભારે હાલાકીમાં મુકાઈ ગયા હતા. ખંભાળિયા શહેર તથા આસપાસના ગામડાઓમાં પણ ધીમીધારે વરસાદ વરસ્યાના વાવડ છે. ખેતરોમાં મગફળી તથા કપાસના ઉભા મોલ માટે આશીર્વાદરૂપ એવા આ વરસાદથી ધરતીપુત્રો ખુશખુશાલ થયા છે. હજુ બે-ત્રણ દિવસ વધુ વરસાદની આગાહી વ્યકત કરવામાં આવી રહી છે. જો કે આજે સવારથી વાતાવરણમાં સંપૂર્ણપણે ઉઘાડ સાથે ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો.

# કેશોદ તાલુકાના કોયલાણા ગામે લઘુશંકા માટે રોડ ઉપર ઉભેલા યુવાનને અજાણ્યા વાહને ટક્કર મારતા મૃત્યું

(ક્રાઈમરીપોર્ટર દ્વારા)

કેશોદ તા.૧૫

કેશોદ તાલુકાના કોયલાણા ગામે જેતપુર નેશનલ હાઈવે ઉપર બનેલા બનાવ અંગે કવરલાલ અંબારામ મીણા રહે.રાજસ્થાનના પીપરોડી એ જીજે-૦૧-આરકે-૮૧૬૬ના ફોરવ્હીલ કારના ચાલક વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામે મરણ જનાર તથા સાહેદો સોમનાથ ખાતેથી દર્શન કરી ખાનગી બસમાં જૂનાગઢ તરફ આવતા હતા તેવખતે સોમનાથ-કેશોદ હાઈવેરોડ ઉપર કોયલાણા ગામે બસ ઉભી રહેતા મૃતક લઘુશંકા કરવા માટે રોડની બાજુમાં ઉભેલા હતા તે દરમ્યાન ફોરવ્હીલ નંબર જીજે-૦૧-આરકે-૮૧૬૬ના ચાલકે પોતાના કબ્જાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી મૃતકને પાછળથી ટક્કર મારી અને હડફેટે લઈ ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી ગયેલ દરમ્યાન ઈજા પામનારને સારવાર માટે ખસેડવામાં આવતા સારવાર દરમ્યાન યુવાનનું મૃત્યું થયેલ છે. આ બનાવ અંગે કેશોદ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## લોકમેળાનું આયોજન પાલિકા તંત્રએ કરતા

# ભાણવડના ઈન્દ્રેશ્વર લોકમેળા માટે પાલિકાને રૂા. ૧૩ લાખની આવક

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

ભાણવડ નજીક આવેલા ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં દર વર્ષે શ્રાવણી અમાસના લોકમેળાનું આયોજન કરવામાં આવે છે. ત્રિવેણી સંગમ ખાતે મંદિર ટ્રસ્ટ તરફથી થતો આ લોકમેળો આ વખતે ટ્રસ્ટ દ્વારા યોજવા અંગેની ના કહેવામાં આવતા આ બાબતની જાણ ખંભાળિયાના પ્રાંત અધિકારી પાર્થ કોટડીયાને થઈ હતી. તેમના દ્વારા આ બાબતે તાત્કાલિક આયોજન કરી અને ભાણવડ નગરપાલિકાના ચીફ ઓફિસર તથા મામલતદાર સાથે સંકલન સાધવામાં આવ્યું હતું. શુક્રવાર તારીખ ૧૫ મીના રોજ યોજાનાર લોકમેળા માટે યોગ્ય આયોજન તેમજ આ માટે મંગળવાર તારીખ ૧૨ ના રોજ સ્ટોલના પ્લોટોની હરાજી મુકરર કરવામાં આવી હતી. લોકમેળામાં વિવિધ સ્ટોલની હરાજી મારફતે રૂપિયા ૧૩ લાખ જેટલી નોંધપાત્ર રકમની આવક થવા પામી હતી. અમાસના માત્ર ત્રણ દિવસ પૂર્વે જ આ આયોજન થઈ જતા ટૂંકા સમયગાળામાં જ નગરપાલિકાને રૂા.તેર લાખની આવક થવા પામી હતી. પરંતુ જો અગાઉ આયોજનબદ્ધ રીતે આ અંગેની કામગીરી કરવામાં આવી હોત તો પાલિકાને આશરે ૩૦ થી ૪૦ લાખની આવક થવાની પણ સંભાવનાઓ જોવા મળી રહી હતી. એકસમયે આ લોકમેળામાં મંદિર ટ્રસ્ટને હરાજીના રૂપિયા ચારેક લાખની આવક થતી હતી. જ્યારે આ વખતે નગરપાલિકાના આયોજનથી પાલિકાને રૂા. તેર લાખથી વધુ રકમની આવક થઈ છે. શુક્રવારે યોજાયેલા આ લોકમેળામાં વહેલી સવારથી જ ગ્રામ્ય પંથકના લોકો ઉમટ્યાં હતા અને ઈન્દ્રેશ્વર મહાદેવના મંદિર ખાતે દર્શનનો પણ લાભ લીધો હતો. એકસમયે આ સ્થળે ટ્રાફિક જામ જેવા પણ દ્રશ્યો જોવા મળ્યા હતા.

# માણાવદર તાલુકાના પીપલાણા ગામે હુમલો : બે સામે ફરિયાદ

(ક્રાઈમરીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૫

માણાવદર તાલુકાના પીપલાણા ગામના ભનુભાઈ બિજલભાઈ વડીયાતર (ઉ.વ.૫૦)એ વિજયભાઈ માધાભાઈ વડીયાતર તથા વિજયભાઈના પત્ની વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી ગ્રામ પંચાયતના સભ્ય તરીકે ચુંટાય આવેલ હોય જે આરોપીઓને ગમતું ન હોય જેનું મનદુઃખ રાખી આરોપીઓ ફરિયાદીના ઘર પાસે જઈ આરોપી નં-૧નાએ ફરિયાદીને કહેલ કે બહાર નીકળ તને મારવો છે તેમ કહી ભુંડી ગાળો કાઢતા ફરિયાદી તથા સાહેદ ઘરની બહાર નીકળતા આ આરોપી નં-૧ પાસે લાકડી હો જેનો એક ઘા ફરિયાદીને કપાળના ઉપરના ભાગે મારી દેતા સાહેદ વચ્ચે પડતા તેને પણ આરોપીઓએ માર મારી શરીરે ઈજા કરી આરોપીઓએ ગુનામાં એકબીજાએ મદદગારી કરી જીલ્લા મેજી. જૂનાગઢના હથીયારબંધીના જાહેર નામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા માણાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મંગળવારથી ગણેશ ઉત્સવનો પ્રારંભ

## આ વર્ષે ૧૧ દિવસના બદલે ૧૦ દિવસ ગણેશ ઉત્સવ ચાલશે

ભાદરવા સુદ ચોથ ને મંગળવાર તા.૧૯-૯-૨૩ના દિવસ થી ગણેશ ઉત્સવ નો પ્રારંભ થશે જે ભાદરવા સુદ ચૌદસ ને ગુરુવાર તા.૨૮-૯-૨૩ સુધી ચાલશે આ વર્ષે અગિયારસ તિથિ ક્ષય તિથિ હોતા ગણેશ ઉત્સવ ૧૧ દિવસના બદલે ૧૦ દિવસ ચાલશે આ વર્ષે મંગળવાર અને ચોથ છે આથી અંગારકી ચોથ ની સાથે ગણેશ ઉત્સવ છે અને અંગારકી ચોથ ની સાથે ગણેશ ઉત્સવ નો પ્રારંભ થતો હોવાથી તે ઉત્તમ ગણાય છે તે ઉપરાંત મંગળવારે બપોરના ૧.૪૮ સુધી શુભ સ્વાતિ નક્ષત્ર પણ છે તે પણ શુભ ગણાય છે

આ ઉપરાંત ગણેશ ઉત્સવ દરમિયાન તારીખ ૨૦ ને બુધવારે ઋષિ પંચમી છે .તારીખ ૨૩ને શનિવારે રાધાષ્ટમી છે તારીખ ૨૫ ને સોમવારે અગિયારસ છે આ બધા દિવસો શુભ ગણાય છે.

ઘણા લોકો દોઢ દિવસ ત્રણ દિવસ પાંચ દિવસ અને સાત દિવસ પણ ઘરમાં ગણપતિ રાખતા હોય છે.

ગણપતિ લેવા જવાનુ મુહૂર્ત (ખરીદી) ભાદરવા સુદ બીજ ને રવિવાર તારીખ ૧૬ સપ્ટેમ્બર રવિવારે અમૃત સિદ્ધિયોગ સવારે ૬.૩૫ થી ૧૦.૦૨ સુધી છે તે ઉપરાંત ગણપતિદાદાનું શુભ હસ્ત નક્ષત્ર સવારે ૧૦.૦૨ થી આખો દિવસ છે જે ઉત્તમ ગણાય છે તે ઉપરાંત રવિવારે ગણપતિ લેવા જવાનું ચોઘડિયા પ્રમાણે શુભ મુહૂર્ત

**દિવસના ચોઘડિયા**

ચલ ૮.૦૭ થી ૯.૩૮
લાભ ૯.૩૮ થી ૧૧.૧૦
અમૃત ૧૧.૧૦ થી ૧૨.૪૧
અભિજીત મુહૂર્ત બપોરે ૧૨.૧૭ થી ૧.૦૬
બપોરે શુભ ૨.૧૩ થી ૩.૪૪

**મંગળવારે ગણપતિ સ્થાપનાના શુભ મુહૂર્ત**

ખાસ કરીને સવાર ના સૂર્યોદયથી બે કલાકમાં ગણપતિ સ્થાપના કરવી ઉત્તમ ગણાય છે તેમાં કોઈ શુભ ચોઘડિયા કે મુહૂર્ત જોવાની જરૂર રહેતી નથી સવારે ૬.૩૬ થી ૮.૩૬ ઉત્તમ શુભ સમય

તે ઉપરાંત ચોઘડિયા પ્રમાણે શુભ સમય

દિવસના શુભ ચોઘડિયા

ચલ ૯.૩૮ થી ૧૧.૦૯
લાભ ૧૧.૦૯ થી ૧૨.૪૧
અમૃત ૧૨.૪૧ થી ૨.૧૨
બપોરે અભિજીત મુહૂર્ત ૧૨.૧૭ થી ૧.૦૬
બપોરે શુભ ૩.૪૩ થી ૫.૧૪

**- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)**

# જૂનાગઢ જીલ્લા કલેક્ટરની અધ્યક્ષત્તામાં નવભારત સાક્ષરતા અભિયાન અંતર્ગત કાર્યવાહક કમિટીની સમીક્ષા બેઠક યોજાઇ

## ૧૦૦% સાક્ષરતાની જૂનાગઢ જીલ્લાની સંકલ્પના અંગે અધિકારીઓએ પોતાના મંતવ્ય જણાવ્યા




જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢ જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં નાયબ જિલ્લા નિરંતર શિક્ષણ અધિકારી કચેરી દ્વારા જિલ્લા સાક્ષરતા મિશન સત્તા મંડળની કારોબારી સમિતિની મીટીંગ યોજાઇ હતી. આ મીટીંગમાં કુ.જલ્પાબેન ક્યાડાએ નવભારત સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત નિરક્ષરોના ઉલ્લાસ એપ દ્વારા કરવામાં સર્વેની વિગતો આપી હતી. સમિતિના સભ્યો તરીકે સર્વેમાં મદદરૂપ થવા માટે જિલ્લા પ્રાથમિકશિક્ષણ અધિકારી દ્વારા બી.આર.સી.કો.ઓર્ડીનેટર દ્વારા ઉલ્લાસ એપમાં પ્રાથમિક શાળાના આચાર્યના યુઝર આઇ.ડી. બનાવી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સર્વે કામગીરી વધુ વેગવંતી બનાવવા ડી.આર.ડી.એ.ના ડાયરેક્ટરનો સંપર્ક કરી SBM, NRLM સખી મંડળ વગેરે પાસેથી નિરક્ષરોની યાદી મેળવી શકાયતેમજ સમાજ કલ્યાણ વિભાગમાંથી વિવિધ યોજનાનો લાભ મેળવનાર નિરક્ષરની વિગતો મેળવી શકાય તેમ જણાવાયું હતું.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાંથી બી.કે.મેસીયા એ જી.સી.ઈ.આર. ટી. દ્વારા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અન્વયે તૈયાર કરેલ અગિયાર પ્રકારની ડિજિટલ ઈલિટરસીની વાત મૂકવામાં આવી જે શેરીનાટક, ચિત્ર સ્પર્ધા, જિંગલ વગેરે મટીરીયલ દ્વારા નિરક્ષરોને ડિજિટલ સાક્ષર બનાવવાની વાત મુકી હતી. જિલ્લારોજગાર અધિકારીશ્રી પી.કે.ત્રિવેદીએ આ બાબતને જૂનાગઢ જિલ્લાના અમુકગામનેપસંદ કરી પાયલોટ પ્રોજેક્ટ તરીકે કામગીરી શરૂ કરી ૧૦૦% સાક્ષરતાની જૂનાગઢ જિલ્લાની સંકલ્પના અંગે જણાવ્યું હતું. આ કામગીરીમાં જિલ્લા પ્રોગ્રામ ઓફિસર વણપરિયાએ આંગણવાડી સુપરવાઈઝર બહેનો દ્વારા નંદ ઘરમાં આવતા બાળકોના માતા-પિતા નિરક્ષર હોય તેનો સર્વે કરી કામગીરીમાં મદદ રૂપ થવા અંગે જણાવ્યું હતું.

સમગ્ર મીટીંગના અંતમાં ટૂક સમયમાં સર્વેની કામગીરી પૂર્ણ કરી, જિલ્લા શિક્ષા ને તાલીમ ભવન દ્વારા તૈયાર કરેલ તજજ્ઞ દ્વારા શિક્ષણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ જિલ્લા નાયબ નિરંતર શિક્ષણ અધિકારીએ જણાવ્યું હતું. આ સમિતિમાં પ્રાચાર્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ, જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, જિલ્લા રોજગાર અધિકારી, જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી જૂનાગઢ ઉપસ્થિત રહ્યા હતા.

### કેશોદ શહેર ખાતે રેલવે અન્ડરબ્રીજના બાંધકામની કામગીરી અંતર્ગત

# જૂનાગઢથી વેરાવળ વાયા કેશોદ સીટી ચારચોક વાળો રસ્તો અને ચારચોકથી અજાબ, મેંદરડા તેમજ માંગરોળ જતા રસ્તાને બંધ કરાયો

જૂનાગઢ, તા.૧૫

કેશોદ શહેર ખાતે ફાટક નં.LC NO ૧૦૧/C ઉપર રેલવે અન્ડરબ્રીજના બાંધકામની કામગીરી ચાલુ હોય, આ કામગીરી દરમ્યાન ટ્રાફિક ડ્રાઈવર્ઝન બહાર પાડવામાં આવેલ જાહેરનામાની અવધી પૂર્ણ થયેલ હોય, વિશેષ મુદત માટે કેશોદ ખાતેના ચાર ચોક ખાતે માંગરોળથી મેંદરડાને જોડતા રસ્તા પરથી પસાર થતા વાહનો માટે તથા જૂનાગઢથી વેરાવળ વાયા કેશોદ સીટીના રસ્તા ઉપરથી પસાર થતા વાહનો માટે ઉકત કામગીરી દરમિયાન અવર-જવર પર પ્રતિબંધ ફરવા માટે એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. પોલીસ અધિક્ષક જૂનાગઢના તા.૨૯/૮/૨૦૨૩ના પત્ર નંબર સીબી-૪/૧૩૯/૧૩૭૭૩૨૦૨૩થી ઉકત કામગીરી દરમ્યાન ઉકત રસ્તા પરથી પસાર થતા વાહનો માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા માટે વૈકલ્પ રૂટ સાથે હકારાત્મક/સમર્થનકારી અભિપ્રાય આપવામાં આવેલ છે. આ અંગે રજૂ થયેલ દરખાસ્ત તથા રજુ થયેલ અભિપ્રાય ધ્યાને લેતા કામગીરી દરમિયાન વાહન ચાલકો અને જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તથા ટ્રાફિક નિયમન થઈ શકે તે હેતુસર રજૂ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પી.જી.પટેલને જૂનાગઢ સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ ૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ કેશોદ શહેરમાં જે સ્થળે રેલવે ક્રોસીંગ નં.ન્ઝ ર્દ્ગ ૧૦૧/Cનાં અન્ડરબ્રીજની કામગીરી થઈ રહી છે. તે સ્થળ ખાતે છે જૂનાગઢથી વેરાવળ વાયા કેશોદ સીટી ચારચોક વાળો રસ્તો બંધ કરવામાં આવ્યો છે. તેના માટે વૈકલ્પિક વ્યવસ્થા જૂનાગઢ વેરાવળને જોડતો નેશનલ હાઈવે ૧૫૧ (કેશોદ બાયપાસ) કરવામાં આવ્યો છે. તે ઉપરાંત કેશોદ ચારચોક ખાતેથી અજાબ, મેંદરડા તેમજ માંગરોળ જતો રોડને બંધ કરવામાં આવ્યો છે. તેની વૈકલ્પિક વ્યવસ્થા નં.LC NO.૧૦૦ દિપાર્તી ફર્નિચરથી એપાર્ટમેન્ટ રોડથી ફુવારા ચોક સુધી કરવામાં આવ્યો છે. આ જાહેરનામાના ભંગ કે ઉલ્લઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાપાત્ર ઠરશે.

આ જાહેરનામાનાં ભંગ બદલ ગુનો માંડવા માટે પોલીસ હેડ કોસ્ટેબલ કે તેનાથી ઉપરના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવ્યા છે. આ જાહેરનામું તાત્કાલિક અસરથી તા.૧૦/૧૧/૨૦૨૩ સુધી અમલમાં રહેશે.

# કેશોદ તાલુકાના એક ગામમાં પતિ દ્વારા હેરાનગતિ હોવાથી મહિલાએ ૧૮૧ હેલ્પલાઈનની મદદ લીધી

જૂનાગઢ, તા.૧૫

કેશોદ તાલુકાના એક ગામમાં પતિ દ્વારા હેરાનગતિ હોવાથી મહિલાએ ૧૮૧ હેલ્પલાઈનની મદદ લીધી હતી. આથી ૧૮૧ના કાઉન્સેલર દક્ષાબેન ચાવડા તથા સ્ટાફ સાથે સ્થળ ઉપર પહોંચી મહિલાનુ શાંતવના સહ કાઉન્સેલિંગ કરતા મહિલાએ તેની વિગતે સમસ્યા જણાવી મહિલાની સમસ્યા હતી કે, મહિલા તેની ૮ માસની બાળકી સાથે રક્ષાબંધનના પર્વ નિમિત્તે તેના પિયરે ગઈ હતી. તે દરમ્યાન અન્ય વ્યક્તિ દ્વારા તેને એ વાતની જાણ થઈ કે તેના પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ છે. આ વાતની જાણ થતાં મહિલાએ તેના પિયરના લોકોને તથા આ બાબતે તેના પતિ સાથે પણ વાત કરી હતી. પરંતુ આ વાતને ધ્યાને ન લીધી અને પતિએ આ વાતને સ્વીકારી નહીં. અંતે મહિલા સાસરીયે ગઈ અને બીજા દિવસે ૧૮૧ હેલ્પલાઈનની મદદ લીધી હતી. ૧૮૧ની ટીમ દ્વારા મહિલાની સમગ્ર સમસ્યા સાંભળ્યા બાદ સ્થળ ઉપર હાજર રહેલ મહિલાના માતા-પિતા તથા સાસુ-સસરા સાથે વાત કરી હતી. પતિ સાથે વાતચીત કરી અને વ્યક્તિગત પ્રશ્નોત્તરી દરમ્યાન અંતે તેના પતિએ પોતાની ભૂલ સ્વીકારી હતી. ભૂલ સ્વીકારતાની સાથે જ પિયર તેમજ સાસરીના લોકોની આંખ ખુલ્લી અને ઠપકો આપ્યો હતો. અંતે મહિલાના પતિને કાયદાકીય સમજ આપતાની સાથે ઘર અને સંતાનની જવાબદારીનું ભાન કરાવ્યું હતું.

મહિલાના પતિએ મહિલા તેમજ તેના પરિવારજનો સમક્ષ પોતાની ભૂલ સ્વીકારી અને હવે આ ભૂલ નહીં થાય તેની ખાતરી આપી હતી. આમ, અંતે ૧૮૧ દ્વારા સુખ:દ સમાધાન કરાવવામાં આવ્યું હતું.

# રાજયમાં ગણેશ મહોત્સવ, નવરાત્રિમાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજાશે

## રાજયના 33 જીલામાં જાથાના અંધશ્રદ્ધા નિવારણના કાર્યમો યોજાશે : સ્વૈચ્છિક સંસ્થાઓ અને મંડળોને કાર્યક્રમ યોજવા અપીલ

અમદાવાદ, તા.૧૫

ભારત જનવિજ્ઞાન જાથાનો અંધશ્રધ્ધા નિવારણાર્થે ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાકમ દેશ-વિદેશમાં અતિ લોકપ્રિય બન્યો છે. જાથાએ વર્ષ ૧૯૯૨ થી ઓગસ્ટ ૨૦૨૦ સુધીમાં રાજય, પ્રાદેશિક અને ૧૪ શાખાઓની મદદથી ૧૦૦૨૩ જનજાગૃતિના સ્ટેજ કાર્યક્રમો આપ્યા છે. દેશમાં દોરા-ધાગા, ચમત્કારના નામે છેતરપિંડી કરનાર ૧૨૩૩ તિગબાજોનો જનહિતાયે પર્દાકાશ કર્યા છે.- ૩૫૦૦ ધૂણતા અને સવારી આવતા ભુવા, ફકીરો, મુજાવરી, લેભાગુઓને બંધ કરાવ્યા છે.

જાથાનો જનજાગૃતિ કાર્યક્રમની શરૂઆતમાં શાળા, કોલેજો, છાત્રાલયો, સામાજિક સંસ્થાઓ, યુવક મંડળો, સામાજિક – રાષ્ટ્રીય પ્રસંગો, સરકારના ગ્રામ સભામાં આયોજન કરવામાં આવતું હતું. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ભારતના ત્યૌહાર, ઉત્સવો, ધાર્મિક પ્રસંગો, સપ્તાહ, પારાયણ, પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, નવરાત્રિ મહોત્સવ વગેરેમાં મહત્તમ આયોજન થાય છે. રાજયમાં જાથાના કાર્યક્રમની જબરી માંગના કારણે ગુજરાતના ૩૩ જિલ્લા જેવા કે રાજકો, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, પોરબંદર, સુરેન્દ્રનગર, અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, સુરત, પાલનપુર, મહેસાણા, પાટણ વગેરે તથા તેના તાલુકા તથા ગ્રામ્ય મથકોમાં ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ વહેલા તે પહેલા ધોરણે નોંધણી, વિગત, નિયમોની જાણકારી મેળવી, સંમતિપત્રક મેળવી લેવાનું રહેશે, ત્રણ કલાકનો સ્ટેજ કાર્યક્રમ જ્ઞાન-વિજ્ઞાન સાથે અંધશ્રદ્ધા નિવારણ કેન્દ્રમાં રાખીને જ આયોજન પ્રચાર-પ્રસાર થાય છે. લોકોની ધાર્મિક લાગણી ધ્યાનમાં રાખી આયોજન હોય છે. જાથાએ ભગવાન, ઈશ્વર, અલ્લાહ કે ધાર્મિક શાસ્ત્રોનો કદી વિરોધ કર્યો નથી. જાથાના રાજય ચેરમેનઅને એડવોકેટ જયંત પંડયાનું વૈજ્ઞાનિક જ્ઞાનલક્ષી તેજાબી વકતવ્ય દેશભરમાં અતિ લોકપ્રિય છે. તેમને સાંભળવા સ્વયંભુ લોકો ઉમટી પડે છે. માનવીને તેના અહંમ, પૂર્વગ્રહો નડે છે. જીવતા માણસો જ નડે છે તેની માહિતી આપે છે. વાસ્તુશાસ્ત્ર, ફેંગસૂઈ, ફળકથનો, નિવારણ વિધિઓ કેટલી નિરાધાર, બોગસ, અવૈજ્ઞાનિક છે તેની વિજ્ઞાન આધારપુરાવા સાથે રજૂ કરવામાં આવે છે.

કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ રાજકોટથી સ્પેશ્યલ વાહનનું આવવા-જવાનુ ભાડું, રહેવા, ભોજન તથા કેમીકલનો ખર્ચ ભોગવવાનો રહેશે. ગણેશ મહોત્સવ બાદ નવરાત્રિના કાર્યક્રમની નોંધણી કરવામાં તાવશે. રાજયમાં જાગૃતી, ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ તથા ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક કરવા યાદીમા જણાવાયું છે.

# કેશોદની સર્વોદય હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની કબડ્ડીની ટીમ રાજયકક્ષાએ ભાગ લેશે

(ગોવિંદ હડીયા દ્વારા)

કેશોદ, તા.૧૫

છેલ્લાં થોડા વર્ષોથી રમત-ગમત ક્ષેત્રે જૂનાગઢ જિલ્લામાં અનેક શાળાની ટીમોએ સારી સિદ્ધિ પ્રાપ્ત કરી છે ત્યારે કેશોદ તાલુકાની શાળાઓના વિદ્યાર્થીઓએ પણ સારૂ પ્રદર્શન કરી જીલ્લા કક્ષાએ સફળતા મેળવી શાળાનું અને કેશોદ તાલુકાનું નામ રોશન કર્યું છે ત્યારે અખિલ ભારતીય શાળારમતમાં શ્રી સર્વોદય હાઈસ્કૂલ કેશોદના વિદ્યાર્થીઓ ભાઈઓની કબડ્ડીની ટીમ જૂનાગઢ જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવેલ છે અને




રાજયકક્ષાની કબડ્ડી સ્પર્ધામાં આવનારા દિવસોમાં જનાર છે તો એ બદલ શ્રી સર્વોદય હાઈસ્કૂલ કેશોદ શાળાના પ્રમુખ ઓધવજીભાઈ બોરસાણીયા અને શાળાના આચાર્ય એસ.આર.ચાવડા અને ટીમના માર્ગદર્શક શિક્ષક એલ.એમ.ડાંગર અને શાળા પરિવાર ખૂબ ખૂબ આગળ વધો અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી પ્રથમ નંબર મેળવે એવી શાળાપરિવાર દ્વારા વિદ્યાર્થીઓને શુભ કામનાઓ પાઠવી છે.

# પોતાના બજેટ લક્ષ્યાંકનાં ૪૬.૬ ટકા ખર્ચ સાથે કેન્દ્ર સરકારનાં મોટા ઉપક્રમોમાં ભારતીય રેલવે મોખરે

## પશ્ચિમ રેલવે દ્વારા બજેટના લક્ષ્યાંકના ૪૬ ટકાથી વધુ ખર્ચ





અમદાવાદ, તા.૧૫

ભારતના મોટા કેન્દ્રીય ઉપક્રમોમાં ભારતીય રેલવે પોતાના બજેટ લક્ષ્યને પ્રાપ્ત કરવામાં અગ્રેસર છે. ભારતીય રેલવેએ એપ્રિલથી ઓગસ્ટના સમયગાળામાં રૂા. ૨.૪૪ લાખ કરોડના વાર્ષિક લક્ષ્યાંકમાંથી રૂા. ૧.૧૩ લાખકરોડ (૪૬.૬ ટકા) ખર્ચીને ટોચનું સ્થાન હાંસલ કર્યું છે. તે જ તર્જ પર, પશ્ચિમ રેલવેએ પણ અસાધારણ પ્રદર્શન કર્યું છે અને એપ્રિલથી સપ્ટેમ્બર સુધીમાં (૧૨.૦૯.૨૦૨૩ સુધી) વાર્ષિક બજેટ લક્ષ્યાંકોના ૪૬% ટકા કરતાં વધુ ખર્ચ કર્યો છે.

પશ્ચિમ રેલવેનાં મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુર દ્વારા જાહેર કરવામાં આવેલી એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર પશ્ચિમ રેલવે ઉપર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા અને યાત્રીકોને સારી સુવિધાઓ પૂરી પાડવાનું કામ નિર્ધારિત સમયમર્યાદામાં મોટા પાયે કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪ માટે પશ્ચિમ રેલવેને ફાળવવામાં આવેલા કુલ રૂા. ૧૩,૫૦૦ કરોડના મૂડીરોકાણમાંથી ૪૬% કરતાં વધુ એટલે કે ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધીમાં રૂા.૬૨૦૦ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવ્યો છે. ચાલુ નાંણાકિયવર્ષમાં ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધીમાં નવી રેલવે લાઈનનાં નિર્માણ ઉપર ૨૨૪ કરોડ (૨૬%), ગેજ કન્વર્ઝન ઉપર રૂા.૮૯૯ કરોડ (૩૬ %), ડબલીંગ ઉપર રૂા. ૬૬૯ કરોડ (૫૦%), ટ્રાફિક સુવિધાઓ ઉપર રૂા. ૭૯૩ કરોડ (૫૪%), આરઓબી/આરયુબી ઉપર રૂા. ૫૦૭ કરોડ (૬૦%) ટ્રેક નવીકરણ ઉપર, રૂા.૩૧૮ કરોડ (૩૯ %), મશીનરી અને પ્લાન્ટ ઉપર રૂા.૧૨ કરોડ (૩૭%) અને ગ્રાહક સુવિધાઓ ઉપર રૂા.૧૧૨ કરોડ (૮%) ખર્ચવામાં આવ્યા હતા છે. શ્રી ઠાકુરે વધુમાં જણાવ્યું હતું કે પશ્ચિમ રેલવે મુસાફરોની સુવિધા અને વિકાસ કાર્યોને વેગ આપવા માટે શક્ય તમામ પ્રયાસો કરી રહી છે. ઉપરાંત રેલવે મુસાફરોની સુરક્ષા અને સલામતીના કામોને પ્રાથમિકતાથી પૂર્ણ કરવા પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે.


### વરાછા પોલીસ સ્ટેશનનાં

# હત્યા, લુંટ, ધાડના કેસનાં ફરાર આરોપીને ઉના સર્વેન્સ સ્કવોર્ડે ઝડપી લીધો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૫

ગીરગઢડા તાલુકાના વડવિયાળા ગામનો આરોપી ઘનશ્યામ ગીરી ઉર્ફે મેઘનાથી, રમેશ ગીરી ઉર્ફે રામભાઈ મેઘનાંથીએ ૨૦૧૩ના વરસમાં સુરતના વરાછા પોલીસ સ્ટેશનમાં ૩૦૨, ૩૯૨, ૩૯૭ મર્ડર, લૂંટ, ધાડનો ગુનો નોંધાયો હતો. આ ગુનામાં નામદાર કોર્ટે તેમને આજીવન કેદ ની સજા પડેલ હતી અને સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં સજા ભોગવતો હતો. નામદાર કોર્ટે તેમના વચ ગાળાના જમીન મંજુર કરતા જમીન ઉપર છુટેલ અને પેરોલ જામીનની મુદત પૂર્ણ થઈ ગઈ છતાં જેલમાં હજાર થયેલ નહી તેથી આ બાબતે તેના વિરૂદ્ધ ઉના નામદાર કોર્ટે જેલ અધિનિયમ એકટ ૫૧(એ) ૫૧(બ) મુજબ ગુર્નો ઉના પોલીસમાં દાખલ કરવામાં આવેલ આરોપી એક વરસથી નાસતો ભાગતો હતો. ઉનાના પોલીસ ઈન્સ્પેકટર એન. કે. ગૌસ્વામીની સૂચનાથી સર્વેલન્સ સ્કવોડના એ એસ. આઇ. પ્રદીપસિંહ હરિસિંહ, પોલીસ કોન્સ્ટેબલ કનુભાઈ નાજાભાઈ, વિજયભાઈ હાજાભાઈને બાતમી મળેલ કે આરોપી ઘનશ્યામ ગીર વતનમાં આવેલ હોય અને દેલવાડા પાસે ગુપ્ત પ્રયાગ મેળામાં આવેલ છે. એટલે



તુરંત મેળામાં પહોચી આરોપી ઘનશ્યામ ગીરી ઉર્ફે મેઘનાથી રમેશગીરી ઉર્ફે રામભાઈ મેઘનથી મળી આવતા તેને પકડી ઉના પોલીસ સ્ટેશને લાવી ધરપકડ કરી હતી.

# સુત્રાપાડા ખાતે તાલુકા પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખની થયેલ વરણી

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૧૫

સુત્રાપાડા તાલુકા પંચાયતની બીજી ટર્મ પૂર્ણ થતા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવા માટે મીટીંગ તાલુકા પંચાયતમાં મળી હતી જેમાં તાલુકાના અધિકારી એન.ડી. અપારનાથી અને ટીડીઓની ઉપસ્થિતમાં પ્રમુખ તરીકે ખીમાભાઈ કાનાભાઈ વાજા અને ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ જેઠાભાઈ બારૈયાની બિનહરીફ વરણી કરાઈ હતી જેમનો ધારાસભ્ય ભગવાનભાઈ બારડના પ્રતિનિધિ વિજુભાઈ બારડ તેમજ સુત્રાપાડા તાલુકાના ભાજપ પાર્ટીના પ્રમુખ ભગવાનભાઈ બારડ દ્વારા અભિનંદન પાઠવાવમાં આવ્યા હતા. સુત્રાપાડા તાલુકાના વિકાસને વધુ વેગવંતો બનાવશે તેવી શુભેચ્છા સુત્રાપાડા, તાલાળા વિધાનસભાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ વતી તેમના પ્રતિનિધિ વીજુભાઈ બારડે ખાતરી અપી તેમના પ્રતિનિધિ વીજુભાઈ બારડે ખાતરી આપી હતી. આ તકે તાલુકાના પ્રમુખ ભગવાનભાઈ



બારડ, તાલાળાના ધારાસભ્યના પ્રતિનિધિ વિજુભાઈ બારડ, હમીરભાઈ વાઢીયા, તા.પં.ના પૂર્વ પ્રમુખ પ્રતિનિધિ અશ્વિનભાઈ પરમાર, ભાજપ સંગઠનના હોદેદારો અને તા.પં.ના સભ્યો હાજર રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# એક દેશ - એક ચૂંટણી પ્રશ્ને વિપક્ષી દળોએ નકારાત્મકતા છોડવી પડશે

એક દેશ-એક ચૂંટણી પર વિપક્ષ અને વિશેષ રૂપે કોંગ્રેસી નેતાઓની પ્રતિક્રિયા આશ્ચર્યચકિત કરે તેવી છે. એક તરફ કોંગ્રેસ મહાસચિવ કે.સી. વેણુગોપાલ એમ કહી રહ્યા છે કે અમે કોઈપણ ચીજ માટે તૈયાર છીએ અને બીજી તરફ તેમની પાસે એ પ્રશ્નનો જવાબ નથી કે આખરે લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ એક દેશ-એક ચૂંટણી પર રચાયેલી સમિતિમાંથી પોતાનું નામ કેમ પાછું ખેંચ્યું?

એક અન્ય કોંગ્રેસી નેતા જયરામ રમેશ એમ કહી રહ્યા છે કે તેના માટે સહમતિ બનાવવી પડશે, પરંતુ ખબર નહીં કેમ તેઓ એ ભૂલી જાય છે કે એ તો ત્યારે જ સંભવ થશે, જ્યારે કોંગ્રેસ ઉપરોક્ત સમિતિને પોતાનાં સૂચન આપશે. એ વિચિત્ર છે કે કોંગ્રેસ દ્વારા એવું કરવાને બદલે એમ કહેવાઈ રહ્યું છે કે એક દેશ-એક ચૂંટણીની પહેલ સંઘીય માળખા પર હુમલો છે! આ વાત જયરામ રમેશે પણ કહી અને રાહુલ ગાંધીએ પણ. એ માનવાનાં ઘણાં કારણો છે કે પોતાના શીર્ષ નેતાઓના નકારાત્મક વલણને કારણે જ અધીર રંજન ચૌધરીએ આ સમિતિમાં સામેલ થવાનો ઈનકાર કર્યો. યાદ રહે કે આ આઠ સદસ્યોની સમિતિમાં તેમનું નામ ત્યારે જ સામેલ કરવામાં આવ્યું હતું, જ્યારે તેમણે તેના માટે પોતાની સહમતિ આપી હતી.

રાહુલ ગાંધીનું માનીએ તો એક દેશ-એક ચૂંટણીની પહેલ ભારતના વિચાર અને દેશના સંઘીય માળખા પર હુમલો છે. કોઈએ તેમને સમજાવવા જોઈએ કે ૧૯૫૨થી લઈને ૧૯૬૭ સુધી લોકસભા ચૂંટણીની સાથે જ વિધાનસભાઓની ચૂંટણી થતી હતી. શું રાહુલ એમ કહેવા માંગે છે કે જવાહરલાલ નેહરુ અને ઈન્દિરા ગાંધી લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓ સાથે કરાવીને સંઘીય માળખા પર હુમલો કરી રહ્યા હતા? તેમણે આટલી ભેજાંગેપ વાત કરતાં પહેલાં પોતાની પાર્ટીના ભૂતકાળથી વાકેફ થઈ જવું જોઈએ. વાસ્તવમાં એક દેશ-એક ચૂંટણીની પહેલ પર રાહુલનું વિચિત્ર વકતવ્ય અંધવિરોધની રાજનીતિ જ દર્શાવે છે. લાગે છે કે તેમણે નક્કી કરી લીધું છે કે મોદી સરકારને ના તો કોઈ રચનાત્મક સહયોગ આપવો છે અને ના સકારાત્મક રાજનીતિના રસ્તે ચાલવું છે. એનાથી ઈનકાર નહીં કે એક દેશ-એક ચૂંટણીના લ-યને સાધવા માટે વ્યાપક વિચાર-વિમર્શ સાથે બંધારણીય જોગવાઈઓમાં પરિવર્તનની પ્રક્રિયામાંથી પસાર થવું પશે, પરંતુ જનહિત અને દેશહિતમાં આ કામ તો કરવું જ જોઈએ. કોંગ્રેસ સહિત જે વિપક્ષી નેતા એક દેશ-એક ચૂંટણીને જટિલ બાબત ગણાવી રહ્યા છે, તેમણે એનાથી પરિચિત હોવું જોઈએ કે જીએસટી કાયદાનું નિર્માણ પણ એક જટિલ પ્રક્રિયા જ હતી. જો જટિલ મનાતા જીએસટી કાયદા પર સહમતિ બની શકે છે તો એક દેશ-એક ચૂંટણી પર કેમ ન બની શકે? બની જ શકે, જો વિપક્ષી દળો નકારાત્મકતા છોડે અને સમજે કે એક સાથે ચૂંટણી કરાવવાથી સમયની સાથે સંસાધનોની પણ બચત થશે અને તેનો લાભ જનતા સાથે તેમને પણ મળશે.

### ‘સીરીઝ ઓફ બેરેજ’ યોજનાના ભાગરૂપે

# સાબરમતી નદી પર ગાંધીનગર જિલ્લાના અંબોડ ગામે બેરેજ બનાવવા રૂ. ૨૨૦ કરોડથી વધુ રકમની વહીવટી મંજૂરી અપાઈ:જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા

● **બેરેજ તૈયાર થવાથી ૨૧૦ મિલિયન ક્યુબિક ફૂટ પાણીનો સંગ્રહ થશે જેનાથી ૬ થી ૭ કિલોમીટર લંબાઈમાં સરોવરનું નિર્માણ થશે.**

● **માણસા, ગાંધીનગર અને પ્રાંતિજના આઠ ગામોની અંદાજે ૧૧૦૦ હેક્ટર જમીનને સિંચાઈનો પ્રત્યક્ષ-પરોક્ષ લાભ થશે**

ગાંધીનગર તા.૧૫

સાબરમતી નદીને પુનઃજીવિત કરીને પાણીના સ્તર વધુ ઊંચા લાવવાના હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ધરોઈ ડેમથી અમદાવાદ સુધી નદી પર વિવિધ સ્થળોએ સાત જગ્યાએ સીરીઝ ઓફ બેરેજ બનાવવાની યોજના અમલી બનાવવામાં આવી છે. આ સીરીઝ ઓફ બેરેજના આયોજનના ભાગરૂપે સાબરમતી નદી પર માણસા તાલુકાના અંબોડ ગામે બેરેજ બનાવવા રૂ.૨૨૦.૬૮ કરોડની યોજનાને વહીવટી મંજૂરી આપવામાં આવી છે તેમ, જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું.

મંત્રી કુંવરજીભાઈએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, આ અંબોડ ખાતે બેરેજ તૈયાર થવાથી અંદાજે ૨૧૦ મિલિયન ક્યુબિક ફૂટ પાણીનો સંગ્રહ થવાથી ૬ થી ૭ કિલોમીટર લંબાઈમાં સરોવરનું નિર્માણ થશે. જેનાથી ગાંધીનગર જિલ્લાના માણસા, ગાંધીનગર અને પ્રાંતિજ તાલુકાના અંબોડ, ઈન્દ્રાજપુર, પોયડા, વરસોડા સીતવાડા, ગુનમા, ઓરણ અને માધવગઢ એમ આઠ ગામોને લાભ થશે. યોજના તૈયાર થવાથી આ વિસ્તારની અંદાજે ૧,૧૦૦ હેક્ટર જમીનને સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ થશે. આ યોજના આગામી દોઢ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

જળ સંપત્તિ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા સાબરમતી નદીને પુનઃજીવિત કરવા માટે ધરોઈ બંધથી અમદાવાદના વાસણા બેરેજ સુધી જુદી જુદી જગ્યાએ હયાત લાકરોડા સંત સરોવર અને વાસણા બેરેજ ઉપરાંત વિવિધ સાત જગ્યાએ સીરીઝ ઓફ બેરેજ બનાવવાની યોજનાનો બજેટમાં સમાવેશ કરવામાં આવ્યું છે. આં યોજના અંતર્ગત વલાસણા ખાતે સાબરમતી નદી પર બેરેજનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. જ્યારે હિરપુરા બેરેજનું કામ પ્રગતિમાં છે જે આવતા જૂન સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે જેના પરિણામે આજુબાજુના વિસ્તારમાં પાણીના સ્તર ઊંચા આવવાથી પીવાના પાણી તેમજ સિંચાઈ માટે ખેડૂતોને લાભ થશે તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

### એનસીપીના બે જૂથની પક્ષના દાવાને લઈને રસાકસી

# અજિત પવાર જૂથનું એક્સ એકાઉન્ટ સસ્પેન્ડ કરી દેવાયું

મુંબઈ, તા.૧૫

મહારાષ્ટ્રમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ (એનસીપી)માં બે ગ્રુપ બન્યા બાદ શરદ પવાર અને અજિત પવાર વચ્ચે પાર્ટીના દાવાને અંગે રસાકસી ચાલી રહી છે. આ વચ્ચે અજિત પવાર ગ્રુપનું એક્સ (પૂર્વમાં ટ્વીટર) એકાઉન્ટ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું છે. અજિત ગ્રુપનું કહેવું છે કે, એક જ નામ પર એકાઉન્ટ હોવાની ફરિયાદ શરદ ગ્રુપે કરી હતી ત્યારબાદ એકાઉન્ટ સસ્પેન્ડ થયું છે. જએનસીપીSpeaks1ના નામથી બનેલા આ એકાઉન્ટ પર લખ્યું છે- એકાઉન્ટ સસ્પેન્ડ. એક્સએ એકાઉન્ટ સસ્પેન્ડ



કરી દીધુ છે જેણે એક્સના નિયમોનું ઉલ્લઘંન કર્યું છે. આ સાથે જ શરદ પવાર ગ્રુપે અજિત પવાર ગ્રુપ વિરુદ્ધ કાયદાકીય લડાઈ તેજ કરી દીધી છે. પવાર ગ્રુપે ચૂંટણી પંચને ૫૦૦ પાનાનો જવાબ દાખલ કર્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, અજિત પવાર સહિત ૩૯ ધારાસભ્યો જે તેમના ગ્રુપમાં સામેલ છે તેમને અયોગ્ય જાહેર કરવામાં આવે. શરદ પવારના નેતૃત્વ વાળી એનસીપીના વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકર સામે જ અયોગ્યતા અરજીઓ દાખલ કરી છે તે પ્રમાણે પવાર ગ્રુપ પાસે માત્ર ૧૧ ધારાસભ્યોનું સમર્થન છે.એક જ નામ પર એકાઉન્ટ હોવાની ફરિયાદ શરદ પવાર ગ્રુપે કર્યા બાદ એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યું જ્યારે બીજી તરફ અજિત પવાર ગ્રુપને ૪૧ ધારાસભ્યોનું સમર્થન મળ્યું છે. અજિત પવાર ગ્રુપે એનસીપીના નામ અને ચૂંટણી ચિહ્ન પર દાવો કરતા ચૂંટણી આયોગનો દરવાજો પણ ખખડાવ્યો છે. તેને લઈને ચૂંટણી પંચે શરદ પવાર ગ્રુપ પાસે જવાબ પણ માંગ્યો છે.

## શ્રાવણ સત્સંગ

# માર્કંડેય ઋષિની કથા

મૃકુંડ નામના એક વિદ્વાન બ્રાહ્મણ હતા. પોતે ખુબ જ



વિદ્વાન હતા અને વિવિધ વિદ્યાઓમાં પારંગત હતા. તેમની ચોતરફ ખુબ જ નામના હતી.

ખુબ જ વિદ્વાન એવા મૃકુંડને ત્યાં કોઈ પુત્ર ન હતો. પોતે ધર્મને જાણતા હતા છતાં પણ તેમને પુત્ર પ્રાપ્તિની ખુબ જ ઈચ્છા હતી. પોતાને ત્યાં પુત્ર રત્નની પ્રાપ્તિ થાય તે આશયથી તેમણે ભગવાન શ્રી સદાશિવની ઉગ્ર તપસ્યા કરી ખુબ જ ઉગ્ર તપ તેમણે કર્યું તેથી આખરે ભગવાન સદાશિવ તેના પર પ્રસન્ન થયા.

ભગવાન શંકરે મૃકુંડને વરદાન માંગવા કહ્યું તેથી ધ્યાનમાંથી નિવૃત થયેલા મૃકુંડે ભગવાન સદાશિવને પ્રણામ કર્યા અને હાથ જોડી ઉત્તમ સ્તુતિ કરી અને પછી કહ્યું કે, હે સદાશિવ આપ ખુબ જ દયાળુ છો અને સૌના દુઃખોનો નાશ કરો છો. મહાપાપીને પણ તમે દયા કરી મુક્તિ આપો છો એ હું જાણું છું. વળી, તમે અંતર્યામી છો. મારે ત્યાં પુત્ર નથી તમે જાણો છો. મને પુત્ર પ્રાપ્તિની તીવ્ર જંખના છે. તો તમે મારા ઉપર દયા કરી કૃપા કરી મારા મનની મુરાદને પુરી કરો.

ત્યારે ભગવાન શંકરએ મૃકુંડને કહ્યું કે, તારા ભાગ્યમાં હાલ પુત્રનો યોગ નથી તે તું સારી રીતે જાણે છે માટે તારી આ પુત્રની ઈચ્છાને તું હાલ પુરતી જતી કર તો સારું.

આ પ્રમાણે ભગવાન શિવજીએ કહ્યું ત્યારે મૃકુંડએ કહ્યું મને કોઈપણ રીતે પુત્રની પ્રાપ્તિ થવી જ જોઈએ. તમને પ્રસન્ન કરવા માટે મેં આ તપ આદરેલું છે. માટે મારી ઈચ્છા પુર્ણ કરો.

આ પ્રમાણે જીદ કરતાં આખરે ભગવાન શંકરે મૃકુંડને તારા ભાગ્યમાં ન હોવા છતાં પણ પુત્રની મારી પાસે માંગણી કરી છે તો હું તને આર્શીવાદ આપું છું કે જા તારે ત્યાં ખુબ જ બુદ્ધિશાળી પુત્ર થશે. તે ખુબ જ પ્રભાવશાળી હશે અને હંમેશા સૌને પ્રિય થઈને રહેશે. પરંતુ તે તારા ભાગ્યમાં ન હોવા છતાં પણ જીદ કરીને પુત્રની માંગણી કરી છે. તેથી તારો તે પુત્રી સુશીલ હોવા છતાં અલ્પુઆયું થશે.

ભગવાન શંકરે આર્શિવાદ આપ્યા અને ત્યાં જ અંતર્ધ્યાન થઈ ગયા. બરોબર શંકરના આર્શિવાદ પ્રમાણે મૃકંડને દેવ જેવો પુત્ર જન્મ્યો. પરંતુ જ્યારે મૃકુંડે તેની કુંડળીનો અભ્યાસ કર્યો ત્યારે ખબર પડી કે પોતાના પુત્રો ખરેખર સાવ અલ્પઆયુ છે અને બારમાં વર્ષે તેનું મૃત્યુ થશે તેથી પહેલા મૃકુંડ ખુબ જ ગભરાયા પરંતુ પછી તેને વિચાર કર્યો કે, હજી તો તેને બાર વર્ષ સુધી જીવવાનું છે ને. ત્યાં સુધી જરૂર તેની આયુષ્યના વધારા માટે કોઈ પ્રયોજન મળી રહેશે. એમ મનવાળી અને મૃકુંડે તેના પુત્રને ઉછેરવામાં ધ્યાન આપવા માંડ્યો. આમને આમ જોતજોતામાં પુત્ર ૧૧ વર્ષનો થઈ થયો. તે પુત્રનું નામ માર્કેડય નામ આપવામાં આવ્યું. માર્કેડય સર્વત્ર બધાના આકર્ષણનું કેન્દ્ર બની રહેતો. તે ખુબ જ પિતૃભક્ત હતો અને ક્યારે પણ પિતાની આજ્ઞા અવગણતો નહી. પિતા પાસેથી તેણે ઉંડા જ્ઞાનની પ્રાપ્તિ કરેલી. નાની ઉંમરે પણ વિદ્વાતા પ્રાપ્ત કરેલી. પરંતુ ૧૧ વર્ષના તે પુત્રને જોઈ અને મૃકુંડને ચિંતા થઈ કે હવે તો આ માત્ર એક જ વર્ષનો મહેમાન છે માટે મારે તેના માટે કોઈ ઉપાય શોધવો જોઈએ. જેથી કરીને તેના આયુષ્યમાં વધારો થઈને રહે.

આખરે મૃકુંડને થયું કે માર્કેડય ભગવાન સદાશિવના શરણે જશે તો, તેના આયુષ્યમાં વૃદ્ધિ થશે. તેથી મૃકુંડે પોતાની પાસે બોલાવી અને બેસાડ્યો ત્યારે પછી હળવેથી સઘળી હકિકત કહી સંભળાવી ત્યાર પછી વધુમાં પુત્રને મૃકુંડે સમજાવ્યું કે, ભગવાન શિવજી જ આયુષ્ય આપી શકે તેવા દેવછે. વળી, તેને તારા જેવા ભોળા મનુષ્ય અતિ પ્રિય છે. માટે તું તારા આયુષ્યની વૃદ્ધિ અર્થે ભગવાન શિવજીના શરણે જા. જેથી કરીને મારો મનોરથ પૂર્ણ થાય અને તું દીર્ધાયું બને.

પિતાની આજ્ઞાને માથે ચડાવી માર્કેડય પગે લાગી અને આર્શિવાદ સાથે ઘરેથી નિકળ્યા. નાનકડા બાળ એવા માર્કેડય એવી શ્રધ્ધા સાથે ઘરેથી નિકળેલા કે જાણે સાક્ષાત શિવજીને જ પોતે મળવા જઈ રહ્યાં હોય. ત્યાર પછી એક નિર્જન શિવ મંદિરમાં પ્રવેશી અને ત્યાં શિવજીને પ્રસન્ન કરવા માટે માર્કેડય તપ આદર્યું. પિતાજીએ પુત્ર માર્કેડયને શિવ પુજન સાથે મહામૃત્યુંજય મંત્રનું અનુદાન કરવાનું જ્ઞાન આપેલું તે મુજબ મૃત્યુંજય મંત્રનું અનુષ્ઠાન કર્યું.

સમય વિતતો ચાલ્યો. માર્કેડયને લેવા યમરાજના દુતો આવી પહોંચ્યા ત્યારે ખુબ જ વિશ્વાસ સાથે માર્કેડય શિવલિંગને વળગી પડ્યા. તેથી ત્યાં શિવજીના ગણો પણ ઉપસ્થિત થયા અને માર્કેડયને છોડી દેવા યમરાજાના દુતોને આજ્ઞા કરી. પંરતુ યમરાજાના દુતોએ કહ્યું કે, અમે યમરાજાની આજ્ઞાથી માર્કેડયને લેવા આવ્યા છીએ અને તેને લીધા વિના જશું જ નહી. આમ શિવજીના ગણ અને યમરાજાના દુતો વચ્ચે ચર્ચા ચલી રહી હતી ત્યારે માર્કેડય શિવજીને પ્રસન્ન કરવા ખરા હ્દયથી સ્તુતિ શરૂ કરી સ્તુતિ શ્રી ચંદ્રશખરાષ્ટકમ્‌ના નામે જગતમાં પ્રસિધ્ધ થયેલ છે. આ સ્તુતિ સાંભળી અને નાનકડા એવા માર્કેડયના રક્ષણાર્થે આખરે સાક્ષાત ભગવાન સદાશિવે મહાકાળેશ્વર રૂપે પ્રકટ થઈ અને યમના દુતોને ત્યાંથી ખસી જવા આજ્ઞા આપી. શિવજીની આજ્ઞાને માન આપી યમનાં દુતો ત્યાંથી ચાલ્યા ગયા.

ભગવાન મહાકાળેશ્વર પ્રગટ થયા તેથી તેના ચરણોમાં પડી જઈ અને નાનકડા બાળ એવા માર્કેડય પોતાના આશ્રુઓ વડે શિવજીના ચરણ પાખડ્યા. શિવજીએ હેતથી નાના બાળ એવા માર્કેડયના મસ્તક ઉપર હાથ ફેરવ્યો અને કહ્યું કે, બેટા ! તું હવે જરાય ડરજે નહીં. કાળ તને સ્પર્શી પણ નહી શકે. તું મારો વહાલો બાળક છે. તું જગતમાં મહાન માર્કેડય ઋષિ તરીકે પ્રસિધ્ધ થઈશ અને તારી વિદ્વતાની ઠેરઠેર પ્રંશસા થશે.

ત્યારે પછી ભગવાન શિવજી માર્કેડયને આર્શિવાદ આપી અને ત્યાં જ અંતરધ્યાન થઈ ગયા. માર્કેડય હવે ઋષિ થઈ ગયા. તેને ભગવાન શિવજીએ દિવ્ય જ્ઞાન પણ આપ્યું. જેને કારણે તે આજે પણ સનાતન ધર્મમાં અમર છે.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**દેવેન કનકચંદ્ર વ્યાસ**

# દ.કોરિયાની મંદિરના ઉદઘાટન સમારોહમાં સામેલ થવાની ઈચ્છા

## દક્ષિણ કોરિયાના રાજદૂતે કહ્યું કે, અયોધ્યા ભારત અને સાઉથ કોરિયા માટે ઐતિહાસિક રીતે ખુબ મહત્વપૂર્ણ છે, ૧૫થી ૨૪ જાન્યુ.માં અયયોધ્યામાં રામલલાની પ્રતિષ્ઠાની શક્યતા

નવી દિલ્હી, તા.૧૪

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ભવ્યાતિભવ્ય રામલલાનું મંદિર નિર્માણ પામી રહ્યું છે. આગામી વર્ષે ૧૫થી ૨૪ જાન્યુઆરી વચ્ચે નવા નિર્માણ પામેલા મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા થઈ શકે છે... ભક્તો પણ આ અનેરી તક જોવા ઉત્સુક થઈ રહ્યા છે... ત્યારે રામલલાના મંદિરના ઉદઘાટન અંગે દક્ષિણ કોરિયાના રાજદૂત યાંગ જે-બોકે મોટું નિવેદન આપ્યું છે. એક કાર્યક્રમ દરમિયાન યાંગે મંદિરના ઉદઘાટન સમારોહમાં સામેલ થવાની ઈચ્છા વ્યક્ત કરી છે. દક્ષિણ કોરિયાના રાજદૂત યાંગ જે-બોકે કહ્યું કે, અયોધ્યા ભારત અને સાઉથ કોરિયા માટે ઐતિહાસિક રીતે ખુબ જ મહત્વપૂર્ણ છે. ઉપરાંત તેમણે ઈચ્છા વ્યક્ત કરી છે કે, જો ભારત સરકાર રામ મંદિરના ઉદઘાટનનું સત્તાવાર આમંત્રણ આપશે તો સાઉથ કોરિયા નિશ્ચિતપણે ભાગ લેશે. સમાચાર એજન્સી પીટીઆઈ સાથે વિશેષ વાતચીત દરમિયાન યાંગ જેએ કહ્યું કે, અયોધ્યા ભારત અને સાઉથ કોરિયા માટે ખુબ જ મહત્વપૂર્ણ છે. કેન્દ્ર સરકાર અથવા ઉત્તર પ્રદેશ સરકારે રામ મંદિરના ઉદઘાટન કાર્યક્રમ અંગે વિસ્તૃત જાણકારી આપવી જોઈએ... જો ભારત સરકાર સત્તાવાર આમંત્રણ પાઠવશે તો દક્ષિણ કોરિયા નિશ્ચિતરૂપે કાર્યક્રમમાં સામેલ થવા માટે કામ કરશે. અયોધ્યામાં રામ મંદિર નિર્માણની જવાબદારી સંભાળી રહેલા વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના આંતરરાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ન્યાસના મહાસચિવ ચંપય રાયે કહ્યું કે જાન્યુઆરી ૨૦૨૪માં ૧૬ થી ૨૪ જાન્યુઆરીની વચ્ચે એક શુભ મુહૂર્તમાં મંદિરના ગર્ભગૃહમાં ભગવાન રામની મૂર્તિ સ્થાપિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે બે માળના રામ મંદિરનો ગ્રાઉન્ડ ફ્લોર સંપૂર્ણપણે તૈયાર છે. મૂર્તિની સ્થાપના બાદ ભક્તો મંદિરમાં રામ લાલાના દર્શન કરી શકશે. આ દરમિયાન બીજા માળનું બાંધકામ પણ ચાલુ રહેશે. ૨૨ જાન્યુઆરીએ રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠાની યોજના છે. મુખ્ય સમારોહ હેઠળ વડાપ્રધાન મોદી રામલલાના નવનિર્મિત ગર્ભગૃહમાં સ્થાપિત કરશે. ત્યારે વિશ્વવ્યાપી લાઈવ પ્રસારણ કરાશે. રામજન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટ તથા વિહિપના નેતૃત્વની યોજના દેશના પાંચ લાખ મંદિરોમાં પ્રાણ પ્રતિષ્ઠાના લાઈવ પ્રસારણ કરવાની છે. શ્રી રામ જન્મભૂમિ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોરમાં પૂર્વ અને પશ્ચિમ દિશામાં ૩૮૦ ફૂટની લંબાઈ છે તથા ઉત્તર અને દક્ષિણ દિશામાં પહોળાઈ ૨૫૦ ફૂટની રહેશે. આ મંદિર ગ્રાઉન્ડ ફ્લોરની સાથે જ ત્રણ માળનું રહેશે. મંદિરની કુલ ઊંચાઈ ૩૯૨ ફૂટની રહેશે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોર ૧૬૬ ફૂટ,પ્રથમ માળ ૧૪૪ ફૂટ અને બીજો માળ ૮૨ ફૂટ ઊંચો હશે. જોકે ગર્ભ ગૃહ અને તેની આજુબાજુ નક્શીકામવાળા બલુઆ પથ્થરોનો ઉપયોગ કરાયો છે. તેના માટે લગભગ ૪.૭૦ લાખ ક્યૂબિક ફૂટ નક્શીકામવાળા પથ્થરોને રાજસ્થાના ભરતપુર જિલ્લામાં બંસી, પહાડપુર અને સિરોહી જિલ્લાના પિંડવાડાથી લવાયા છે. ગર્ભગૃહની અંદરનાં નિર્માણમાં રાજસ્થાનના મકરાણા પર્વતોના સફેદ સંગેમરમર જોવા મળશે. પૂર અને માટીના ધોવાણને અટકાવવા માટે દક્ષિણ પશ્ચિમ અને ઉત્તર દિશામાં રિટેનિંગ વૉલનો ઉપયોગ કરાયો છે. ઉલ્લેખનિય છે કે, અગાઉ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સૂત્રો દ્વારા માહિતી મળી હતી કે, મંદિરના ઉદ્‌ઘાટન બાદ પણ રામભક્તોને ભગવાન રામની મૂર્તિને સ્પર્શ કરવાની તક મળશે નહીં. ભક્તોને ગર્ભગૃહમાં પણ પ્રવેશ આપવામાં આવશે નહીં. લોકો લગભગ ૩૫ ફૂટ દૂરથી ભગવાનના દર્શન કરી શકશે. ગર્ભગૃહની પવિત્રતા જાળવવા માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે.આ ઉપરાંત હિન્દુ ધાર્મિક માન્યતા અનુસાર મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશવાનો અધિકાર ફક્ત રાજા અને મંદિરના પૂજારીને જ છે. આ પરંપરાગત પ્રણાલીને ધ્યાનમાં રાખીને માત્ર વડાપ્રધાન અને પૂજારીને જ ગર્ભગૃહમાં પ્રવેશ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશના મોટા મંદિરોમાં ભક્તોને ગર્ભગૃહમાં જવા દેવામાં આવતા નથી. તિરુપતિ બાલાજી અને ભગવાન જગન્નાથના મંદિરમાં પણ આવી જ વ્યવસ્થા છે. પરંતુ ભગવાન શિવના મંદિરો આ કિસ્સામાં અપવાદ છે. તેનું મોટું કારણ એ છે કે ભગવાન શિવની પૂજામાં રુદ્રાભિષેકનું ખૂબ મહત્વ છે, જેમાં ભક્તો શિવલિંગને સ્પર્શ કરીને જ પૂજા કરે છે. આ સ્થિતિમાં ગર્ભગૃહમાં ગયા વિના રૂદ્રાભિષેક શક્ય નથી. પરંતુ અન્ય મંદિરોમાં ગર્ભગૃહની બહાર દૂરથી જ દેવી-દેવતાઓની પૂજા તેમજ દર્શન કરવામાં આવે છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ સૂત્રોના જણાવ્યા અનુસાર મંદિરના ગર્ભગૃહની આસપાસ લગભગ ૭૦ એકર જમીન ઉપલબ્ધ રહેશે અને અહીં મહેમાનોને બેસાડવામાં આવશે. મંદિરના પરિસરમાં લગભગ ૫૦૦૦ ખુરશીઓ મુકાશે, તેનાથી વધુ મહેમાનો આવશે તો તેમને મુખ્ય પરિસરના દૂરથી જ ઉદઘાટન કાર્યક્રમમાં સામેલ થવાનો મોકો મળશે. ટ્રસ્ટના લોકોનો અંદાજ છે કે, આ ઐતિહાસિક અવસરમાં સામેલ થવા મોટી સંખ્યામાં લોકો અયોધ્યા આવવાનો પ્રયાસ કરી શકે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

હ્રદયની વિશાળતા એ ઉન્નતિનો પાયો છે.

- પંડિત નહેરૂ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ વદ-૩૦ શ્રી શિવ પૂજન સમાપ્ત, જીવંતિકા પૂજન, શ્રી શિવ પાર્થેશ્વર પૂજા સમાપ્ત તા.૧૫ સપ્ટેમ્બર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૨૯, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, શુભ યોગ, કિંસ્તુઘ્ન કરણ, સૂ.ઉ.૬:૩૮, સૂ.અ.૬:૫૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), બપોરે ૧૧:૩૬ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રવાસ દ્વારા લાભ થાય.
વૃષભ : મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.
મિથુન : વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.
કર્ક : ભાગીદાર કે જીવનસાથી સાથે મતાભેદ રહે. મનમાં અશાંતિ અનુભવાય.
સિંહ : લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગત્તિ થાય.
કન્યા : ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યનું આયોજન થાય.
તુલા : અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.
વૃશ્ચિક : મોઢે આવેલો કોળિયો છીનવાઈ જાય. પડવા-વાગવાથી સંભાળવું.
ધન : આરોગ્ય અંગે સાવચેત રહેવું. અણધાર્યો લાભ થાય.
મકર : શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.
કુંભ : કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મીન : મહત્વના પ્રશ્નોમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.

# ૪૦% વર્તમાન સાંસદો ઉપર ફોજદારી કેસ, ૨૫% સામે ગંભીર ફોજદારી કેસ છે : ADR અહેવાલ

નવી દિલ્હી તા.૧૫

વર્તમાન સાંસદોના લગભગ ૪૦% સામે ફોજદારી કેસ નોંધાયેલા છે જેમાંથી ૨૫%ઉપર હત્યા, હત્યાનો પ્રયાસ, અપહરણ અને મહિલાઓ વિરૂધ્ધ્ અપરાધોના આરોપો હેઠળ ગંભીર ફોજદારી કેસો કરવામાં આવ્યા છે. મતદાન અધિકાર સંસ્થા ADRએ જણાવ્યું હતું કે લોકસભા અને રાજ્યસભાના સાંસદ દીઠ સરેરાશ સંપત્તિ રૂા.૩૮.૩૩ કરોડ છે અને ૫૩ સાંસદો (૭%) અબજોપતિ છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) અને નેશનલ ઈલેક્શન વોચ (NEW)એ લોકસભા અને રાજ્યસભાની ૭૭૬ બેઠકોમાંથી ૭૬૩ વર્તમાન સાંસદોના સ્વ-સોગંદનામાનું વિશ્લેષણ કર્યું છે. આ ડેટા સાંસદોદ્વારા તેમની છેલ્લી ચૂંટણીઓ અને ત્યારપછીની કોઈપણ પેટાચૂંટણી લડતા પહેલા ફાઈલ કરવામાં આવેલી એફિડેવિટમાંથી લેવામાં આવ્યો છે. લોકસભાની ચાર બેઠકો અને રાજ્યસભાની એક બેઠક ખાલી છે અને જમ્મુ અને કાશ્મીરની ચાર રાજ્યસભા બેઠકો અવ્યાખ્યાયિત છે. તેના દસ્તાવેજો ઉપલબ્ધ ન હોવાથી એક લોકસભા સાંસદ અને ત્રણ રાજ્યસભા સાંસદોના સોગંદનામાનું વિશ્લેષણ થઈ શક્યું નથી. વિશ્લેષણ કરાયેલા ૭૬૩ વર્તમાન સાંસદોમાંથી ૩૦૬ (૪૦%) વર્તમાન સાંસદોએ તેમની સામે ફોજદારી કેસો જાહેર કર્યા છે અને ૧૯૪ (૨૫%) વર્તમાન સાંસદોએ હત્યા, હત્યાનો પ્રયાસ, અપહરણ, મહિલાઓ સામેના ગુનાઓ સહિતના ગંભીર ફોજદારી કેસો જાહેર કર્યા છે. બંને ગૃહોના સભ્યોમાં, કેરળના ૨૯ સાંસદોમાંથી ૨૩ (૭૯%), બિહારના ૫૬ સાંસદોમાંથી ૪૧ (૭૩%), મહારાષ્ટ્રના ૬૫માંથી ૩૭ (૫૭%), તેલંગાણાના ૨૪ સાંસદોમાંથી ૧૩ (૫૪%) અને દિલ્હીના ૧૦ સાંસદોમાંથી ૫ (૫૦%)એ તેમના સ્વ-સોગંદનામામાં પોતાની વિરૂધ્ધ ફોજદારી કેસ જાહેરકર્યા છે. બિહારના ૫૬ સાંસદોમાંથી લગભગ ૨૮ (૫૦%), તેલંગાણાના ૨૪ સાંસદોમાંથી નવ (૩૮%), કેરળના ૨૯ સાંસદોમાંથી ૧૦ (૩૪%), મહારાષ્ટ્રના ૬૫માંથી ૨૨ (૩૪%) અને ૩૭ (૩૪%) ઉત્તર પ્રદેશના ૧૦૮ સાંસદોએ તેમના સ્વ-સોગંદનામામાં ગંભીર ફોજદારી કેસો જાહેર કર્યા છે. ભાજપના ૩૮૫ સાંસદોમાંથી લગભગ ૧૩૯ (૩૬ ટકા), કોંગ્રેસના ૮૧માંથી ૪૩ (૫૩%), ટીએમસીના ૩૬માંથી ૧૪ (૩૯%), આરજેડીના ૬માંથી ૫ (૮૩%) સાંસદો, CPI(M)ના ૮ સાંસદોમાંથી ૬ (૭૫%), AAPના ૧૧માંથી ૩ (૨૭%), YSRCPના ૩૧માંથી ૧૩ (૪૨%) અને NCPના ૮માંથી ૩ (૩૮%) સાંસદોએએફિડેવિટમાં પોતાની સામે ફોજદારી કેસ જાહેર કર્યા છે. ભાજપના ૩૮૫ સાંસદોમાંથી લગભગ ૯૮ (૨૫%), કોંગ્રેસના ૮૧માંથી ૨૬ (૩૨%), ટીએમસીના ૩૬માંથી ૭ (૧૯%), આરજેડીના ૬માંથી ૩ (૫૦%) સાંસદો, ૨ સીપીઆઈ(એમ)ના ૮ સાંસદોમાંથી (૨૫%), AAPના ૧૧માંથી ૧ (૯%), YSRCPના ૩૧માંથી ૧૧ (૩૫%) અને NCPના ૮માંથી ૨ (૨૫%) સાંસદોએ તેમના સોગંદનામામાંગંભીર ફોજદારી કેસોજાહેર કર્યા છે. ૧૧ વર્તમાન સાંસદોએ હત્યા સંબંધિત કેસ જાહેર કર્યા છે (ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨), ૩૨ વર્તમાન સાંસદોએ હત્યાના પ્રયાસના કેસ (IPC કલમ-307) જાહેર કર્યા છે, જ્યારે ૨૧ વર્તમાન સાંસદોએ મહિલાઓ વિરૂધ્ધ અપરાધો સંબંધિત કેસ જાહેર કર્યા છે. આ ૨૧ સાંસદોમાંથી ચાર સાંસદોએ બળાત્કાર (IPC કલમ-376) સંબંધિત કેસ જાહેર કર્યા છે. રૂા.૨૬૨.૨૬ કરોડની સરેરાશ અસ્કયામતો સાથે તેલંગાણા (૨૪ સાંસદો) પ્રતિ સાંસદ સૌથી વધુ સરેરાશ સંપત્તિ ધરાવતું રાજ્ય છે, ત્યારબાદ રૂા.૧૫૦.૭૬ કરોડની સરેરાશ સંપત્તિ સાથે આંધ્રપ્રદેશ (૩૬



સાંસદો) અને રૂા.૮૮.૯૪ કરોડની સરેરાશ સંપત્તિ સાથે પંજાબ (૨૦ સાંસદ) છે. રૂા.૯.૩૮ લાખની સરેરાશ સંપત્તિ સાથે લક્ષદ્વીપ (1 MP) સૌથી ઓછી સરેરાશ સંપત્તિ ધરાવતું રાજ્ય છે, ત્યારબાદ ત્રિપુરા (3 MPs) રૂા.૧.૦૯ કરોડની સરેરાશ સંપત્તિ સાથે અને મણિપુર (3 MPs) રૂા.૧.૧૨ કરોડની સરેરાશ સંપત્તિ ધરાવે છે. મુખ્ય પક્ષોમાં, ભાજપના ૩૮૫ સાંસદોની પ્રતિ સાંસદ સરેરાશ સંપત્તિ રૂા.૧૮.૩૧ કરોડ છે, કોંગ્રેસના ૮૧ સાંસદોની સરેરાશ સંપત્તિ રૂા.૩૯.૧૨ કરોડ છે, 36 TMC સાંસદો પાસે રૂા.૮.૭૨ કરોડની સરેરાશ સંપત્તિ છે, YSRCPના ૩૧ સાંસદોની સરેરાશ સંપત્તિ રૂા.૧૮.૩૧ કરોડ છે. TRSના ૧૬ સાંસદો પાસે રૂા.૩૮૩.૫૧ કરોડની સરેરાશ સંપત્તિ છે, NCPના ૮ સાંસદો પાસે રૂા.૩૦.૧૧ કરોડની સરેરાશ સંપત્તિ છે અને AAPના ૧૧ સાંસદો પાસે રૂા.૧૧૯.૮૪ કરોડની સરેરાશ સંપત્તિ છે. ૫૩ અબજોપતિ સાંસદોમાં, તેલંગાણાના ૨૪ સાંસદોમાંથી ૭ (૨૯%), આંધ્રપ્રદેશના ૩૬માંથી નવ (૨૫%), દિલ્હીના ૧૦માંથી બે (૨૦%), પંજાબના ૨૦ સાંસદો માંથી ૪ (૨૦%), ઉત્તરાખંડના ૮ સાંસદોમાંથી ૧ (૧૩%), મહારાષ્ટ્રના ૬૫માંથી ૬ (૯%) અને કર્ણાટકના ૩૯ સાંસદોમાંથી ૩ (૮%) એ રૂા.૧૦૦ કરોડથી વધુની સંપત્તિ જાહેર કરી છે. ભાજપના ૩૮૫ સાંસદોમાંથી લગભગ ૧૪ (૪%), કોંગ્રેસના ૮૧ માંથી ૬ (૭%), TRSના ૧૬માંથી ૭ (૪૪%), YSRCPના ૩૧માંથી ૭ (૨૩%) સાંસદો, AAPના ૧૧ સાંસદોમાંથી ૩ (૨૭%), SADના ૨ સાંસદોમાંથી ૨ (૧૦૦%) અને AITCના ૩૬ સાંસદોમાંથી ૧ (૩%) એ રૂા.૧૦૦ કરોડથી વધુની સંપત્તિ જાહેર કરી છે. ૭૬૩ વર્તમાન સાંસદોની કુલ સંપત્તિ ૨૯,૨૫૧ કરોડ રૂપિયા છે. વિશ્લેષણ કરાયેલા 385 BJP સાંસદોની કુલ સંપત્તિનું મૂલ્ય રૂા.૭,૦૫૧ કરોડ છે, TRSના ૧૬ સાંસદોનું વિશ્લેષણ રૂા.૬,૧૩૬કરોડ છે, વિશ્લેષણ કરાયેલા ૩૧ YSRCP સાંસદોની સંપત્તિ રૂા.૪,૭૬૬ કરોડ છે, વિશ્લેષણ કરાયેલા કોંગ્રેસના ૮૧ સાંસદોની કુલ સંપત્તિ રૂા.૩,૧૬૯ કરોડ છે અને AAPની કુલ સંપત્તિ રૂા.૧,૩૧૮ કરોડની છે.

# રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક સ્કૂલોમાં વર્ગ વધારા માટે ૨ ૨મી સુધી દરખાસ્ત કરી શકાશે

**વર્ગ વધારા-ક્રમિક વર્ગ માટે સંસ્થાઓએ ઓનલાઈન દરખાસ્ત કરવાની રહેશે, સંસ્થાઓની દરખાસ્ત બાદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સ્થળ તપાસણી કરવામાં આવશે**

અમદાવાદ, તા.૧૫

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક સ્કૂલોમાં વર્ગ વધારા તેમજ ક્રમિક વર્ગમાટે દરખાસ્ત કરવા માટે કાર્યવાહીનો પ્રારંભ થયો છે, જેમાં દરખાસ્ત કરવામાં બાકી રહી ગયેલી સંસ્થાઓ ૨૨ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન દરખાસ્ત કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. સંસ્થાઓ દ્વારા દરખાસ્ત કરવામાં આવ્યા બાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્થળ તપાસ કરવામાં આવશે અને ત્યારબાદ આ દરખાસ્તને શાળાઓની કચેરીના નિયામક સમક્ષ સબમીટ કરાશે. રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધો.૯ અને ૧૦ના ક્રમિક તેમજ વર્ગ વધારાની દરખાસ્ત કરવા માટે ચૂકી ગયેલા હોય તેવી સંસ્થાઓ તેમજ જરૂરિયાત હોય તેવી સંસ્થાઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે સંસાથા દ્વારા પુર્નઃ ઓનલાઈન અરજી કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે ઓનલાઈન અરજીની કાર્યવાહીનો પ્રારંભ કરાયો છે, જેમાં સંસ્થાઓ ૨૨ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન અરજી કરી શકશે. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સ્થળ તપાસ કરીને અરજી શાળાઓની કચેરીના નિયામકને ઓનલાઈન ૨૧ સપ્ટેમ્બરથી ૨૮ સપ્ટેમ્બર દરમ્યાન સબમીટ કરવાની રહેશે. ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના વર્ગ વધારા માટે નિયત થયેલી દરખાસ્ત ફી રૂા.૨૫૦૦ ઓનલાઈન જમા કરાવવાની રહેશે. ઓનલાઈન ફી જમા થયા બાદ જ એપ્લિકેશન ફોર્મ ખુલશે. કોઈ પણ ફાઈલ કચેરીમાં હાર્ડ કોપીમાં રજૂ કરવાની રહેશે નહીં. જિલ્લાની તમામ દરખાસ્તો સંપૂર્ણ વિગતો તથા તેના આનુષાંગિક આધાર પુરાવા સાથે રજૂ થયેલી છે કે કેમ તે સુનિશ્ચિત કરવાનું રહેશે. અધુરાશવાળી તેમજ ખૂટતા આધારોવાળી અરજીઓની જિલ્લા શિક્ષણાધિકારી કચેરી કક્ષાએથી ચકાસણી કરી શાળાના એકાઉન્ટમાં પૂર્તતા રિમાર્કસ સહ પરત કરવાની રહેશે. શાળા દ્વારા સમય મર્યાદામાં પુર્તતા થયા બાદ જ શાળાઓની કચેરીના નિયામકને સબમીટ કરવાની રહેશે. જિલ્લાની અરજીઓ અન્વયે સ્થળ તપાસ કરી યોગ્ય રિમાર્કસ તેમજ અન્ય વિગતો અને સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સાથે ૨૧થી ૨૮ સપ્ટેમબર સુધીમાં દરખાસ્ત ઓનલાઈન મોકલવાની રહેશે. જિલ્લા સ્તરે મળેલી ક્વેરી સમય મર્યાદામાં રિ-સબમીટ થાય તે પ્રકારે શાળા પાસેથી ફોલોઅપ લેવાનું રહેશે.

# પીએમ કિસાન યોજનાનો ૧૫મો હપ્તો મેળવવા માટે તમામ લાભાર્થીઓએ ફરજિયાત KYC કરાવવાનું રહેશે

## ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં ઈ-કેવાયસી, લેન્ડ સીડીંગ અને બેન્ક ખાતામાં આધાર સીડીંગ અને ડીબીટી ઈનેબલ થયેલ હોવુ અનિવાર્ય





સુરત, તા.૧૫

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ખેતીની જમીન ધરાવતા ખેડુત ખાતેદારને વાર્ષિક રૂા.૬૦૦૦ની સહાય ત્રણ હપ્તામાં ચુકવાય છે. કેન્દ્ર સરકાર યોજનાનો આગામી ૧૫મો હપ્તો ચુકવવા જઈ રહી છે. કેન્દ્ર સરકારની વર્તમાન સુચના અનુસાર આ યોજનામાં સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને ૧૫મા હપ્તાનો લાભ મેળવવા માટે તા.૩૦મી સપ્ટેમ્બર સુધીમાં પી.એમ. કિસાનમાં ઈ-કેવાયસી, લેન્ડ સીડીંગ અને બેંક ખાતામાં આધાર સીડીંગ અને ડીબીટી ઈનેબલ થયેલ હોવું અનિવાર્ય છે. જો તેમ નહીં કરાય તો એ પછી પી.એમ. કિસાન યોજના હેઠળ મળનાર સહાય બંધ થવાની શકયતા રહેલી છે. સુરત જિલ્લાના ૨૩,૦૦૦ લાભાર્થી ખેડૂતોએ ઈ-કેવાયસી કરાવ્યું નથી. હાલ પી.એમ કિસાન યોજના અંતર્ગત ઈકેવાયસીની કામગીરી થઈ રહી છે. ખેડૂત લાભાર્થી ઈકેવાયસી કરાવવા કોમન સર્વિસ સેન્ટર , ઈ-ગ્રામ સેન્ટર, ગ્રામ્ય લેવલે વીસીઈ અથવા ગ્રામ સેવકનો સંપર્ક કરી ઈ-કેવાયસી કરાવવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. જે લાભાર્થીઓને પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ યોજનામાં આપેલ બેંક ખાતાનું આધારસીડીંગ બાકી હોય તો જે-તે બેંકનો સંપર્ક કરી કરાવી શકે છે અથવા નજીકની પોસ્ટ ઓફીસ શાખાની ઈન્ડીયન પોસ્ટલ પેમેન્ટ બેંકમાં કોઈપણ ફોર્મ ભર્યા વગર આધારસીડીંગ/ડીબીટી ઈનેબલ વાળુ ખાતુ ખોલાવી શકે છે અને સાથોસાથ ઈકે.વાય.સી. પણ કરાવી શકે છે. આ માટે લાભાર્થીએ આધારકાર્ડ અને મોબાઈલ નંબર તેમજ રૂબરૂ હાજરી જરૂરી રહેશે. વધુમાં લેન્ડ સીડીંગ કરાવવા માટે ગ્રામ્ય કક્ષાયે તલાટી/સીટી તલાટી અને ગ્રામસેવકનો રૂબરૂ સંપર્ક કરી જમીનના ખાતા નંબર, સર્વેનંબર, હક્કપત્ર તથા અધારકાર્ડની નકલ આપી લેન્ડ સીડીંગ કરી શકાશે. ભારત સરકાર દ્વારા આ યોજનાનો લાભ 'આધાર બેઝ્ડ' પેમેન્ટના અનુસાર કરવામાં આવે છે. અર્થાત લાભાર્થી ખેડુતોના આધાર સીડેડ બેંક એકાઉન્ટમાં સહાયની રકમ ચુકવવામાં આવશે. જેથી પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ હેઠળ આગામી ૧૫માં હપ્તાનો લાભ મેળવવા લાભાર્થી ખેડૂતોએ ફરજીયાત લેન્ડ સીડીંગ, ઈ-કેવાયસી અને બેંક ખાતામાં આધાર સીડીંગ/ડીબીટી ઈનેબલ કરાવી લેવા માટે દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# અયોગ્ય અને અનિયમિત જીવનશૈલીને લીધે હાઈ બ્લડ પ્રેશર પણ થઈ શકે છે : નિષ્ણાંત

લેડી હાર્ડિન્જ મેડિકલ કોલેજ (LHMC)ના ડાયરેક્ટર, સુભાષગીરીએહાઈ બ્લડ પ્રેશર, અથવા હાઈપરટેન્શનની બીમારી થઈ શકે તેવા મુદાઓની વિશાળ શ્રેણીની યાદી આપતા ભારપૂર્વક જણાવ્યું છે કે શારીરિક વ્યાયામ પર ધ્યાન કેન્દ્રિત કરવું અને આહાર અને જીવનશૈલીની આદતોમાં ફેરફાર કરવો એ સમયની જરૂરિયાત છે. IANS સાથેની વાતચીતમાં, ગિરીએ કહ્યું કેઃ બ્લડ પ્રેશરનાં લક્ષણો સામાન્ય છે પછી ભલે તે પુરુષ હોય કે સ્ત્રી. તેમાં ભાગ્યે જ કોઈ તફાવત હોય છે. સામાન્ય રીતે લોકોને વહેલી સવારમાં માથાનો દુખાવો, માથામાં ભારેપણું શરૂ થઈ જાય છે. આ એક સામાન્ય લક્ષણ જે આપણને જોવા મળે છે. વધુમાં, ક્યારેક શરીર પર સોજો આવે છે, વજનમાં વધારો થાય છે. કેટલાક લોકોને છાતીમાં દુખાવો પણ થવા લાગે છે. આવા લક્ષણો વિના પણ, વ્યક્તિમાં બ્લડ પ્રેશર વધારે હોઈ શકે છે. તેથી, અમે ભલામણ કરીએ છીએ કે, ચોક્કસ ઉંમરે, વ્યક્તિએ નિયમિતપણે તેનું બ્લડ પ્રેશર તપાસવું જોઈએ. ૪૦ વર્ષથી વધુ ઉંમરના, સ્ત્રી હોય કે પુરૂષ બંનેએ વર્ષમાં એકવાર સંપૂર્ણ શરીરની તપાસ કરાવવી જોઈએ. મહિલાઓમાં હાઈ બ્લડ પ્રેશર તરફ દોરી જતા કારણોને ટાંકીને ગિરીએ કહ્યું કેઃ આપણા સમાજમાં બ્લડ પ્રેશરની સમસ્યા વધી રહી છે. તેના ઘણા કારણો છે. ટેપૈકી એક ઘરમાં મહિલાઓની સ્થિરતા અને તેમના માટે ઓછું મેન્યુઅલ કામ બ્લડ પ્રેશરમાં વધુ ફાળો આપે છે. પહેલા સ્ત્રીઓ ઘરમાં હાથથી કામ કરતી હતી, હવે ઘણી બધી વસ્તુઓ યાંત્રિક થઈ ગઈ છે. આહાર અને જીવનશૈલીમાં પણ બદલાવ આવ્યો છે. સર્વિસ સેક્ટરમાં પણ, મહિલાઓ લાંબા સમય સુધી બેસીને કામ કરે છે જેના કારણે વજન વધે છે. એકવાર તેઓ ઓફિસેથી આવે છે, તેઓ સામાન્ય રીતે પાર્કમાં જઈ શકતા નથી, કસરત કરી શકતા નથી. કસરતોની આદત ઓછી થઈ ગઈ છે. આ બધી આદતો સ્થૂળતા તરફ દોરી જાય છે અને પછી હાઈ બ્લડ પ્રેશર તરફ દોરી જાય છે. સ્થૂળતા એ આપણા શરીરમાં એક મુખ્ય પરિબળ છે જે બ્લડ પ્રેશરમાં વધારો કરે છે. સ્થૂળતા વધી રહી છે, ખાસ કરીને ભારતમાં ૪૦ પ્લસની મોટાભાગની સ્ત્રીઓમાં મેદસ્વીતા છે. તેથી, આ મેદસ્વીતા હંમેશા હાયપરટેન્શન સાથે મજબૂત રીતે સંકળાયેલી છે. માટે આપણે સંતુલિત આહાર લેવો જોઈએ. નિયમિત કસરત ઉપરાંત સંતુલિત આહાર શરીરને સ્વસ્થ રાખે છે. જો કોઈને બેસવાનું કામ હોય, તો તેણે ઓફિસમાં થોડો સમય ઊભા રહીને ચાલવું જોઈએ. જો વ્યક્તિ કલાકો સુધી બેસીને સ્થિર રહે તો, ચોક્કસપણે તે સ્થૂળતા, હાયપરટેન્શન અને ડાયાબિટીસ સહિત અન્ય રોગોનું કારણ બની શકે છે. સ્થૂળતા અને હાઈ બ્લડ પ્રેશર વચ્ચેના જોડાણ અંગે વાત કરતાં ગિરીએ કહ્યું કેઃ બ્લડ પ્રેશરનું પ્રાથમિક પરિબળ સ્થૂળતા છે. લોકોએ શાકભાજી, ફળો, અંકુરિત ખાવું જોઈએ. પરંતુ, આપણે આમાંથી ઓછું ખાઈએ છીએ. તેઓએ જરૂરી માત્રમાં આ ખાવું જોઈએ. ચરબી એ હાયપરટેન્શન, સ્થૂળતા અને ડાયાબિટીસનું કારણ બને છે. તેમણે ચેતવણી આપી હતી કે જો કોઈ વ્યક્તિ મોડી રાત્રે રાત્રિભોજન લેતું હોય તો તે ખૂબ જ હળવું હોવું જોઈએ કારણ કે કોઈપણ કામ કર્યા વિના મોડી રાત્રે ભોજન કરવાથી શરીરમાં ચરબી જમા થવાની સંભાવના છે. આજે અમે હાયપરટેન્શન અને ડાયાબિટીસને આમંત્રણ આપી રહ્યા છીએ. લાંબા ગાળે તે અનેક રોગોનું કારણ બનશે. ગિરીએ વધુ પડતા મીઠાના સેવન પર કહ્યું કેઃ "લોકોને વધુ મીઠું લેવાની આદત છે. તેથી જે વ્યક્તિ જાતે કામ ન કરતી હોય તેણે મીઠું ઓછું લેવું જોઈએ અને બ્લડપ્રેશર ધરાવતી વ્યક્તિએ મીઠું ઓછું લેવું જોઈએ. હાઈ બ્લડ પ્રેશર ગર્ભાવસ્થામાં જટિલતાઓનું જોખમ કેવી રીતે વધારે છે તે પ્રશ્નના જવાબમાં, તેમણે કહ્યું કે ગર્ભાવસ્થામાં, હાઈ બ્લડ પ્રેશર ઘણી બધી જટિલતાનું કારણ બની શકે છે. ૨૦ અઠવાડિયા પછી, કેટલીક સ્ત્રીઓને બ્લડ પ્રેશર થવાનું શરૂ થાય છે, જેને આપણે સગર્ભાવસ્થાનું હાયપરટેન્શન કહીએ છીએ. સગર્ભાવસ્થાના હાયપરટેન્શનના કિસ્સામાં, જો બ્લડ પ્રેશર નિયંત્રિત ન હોય તો, તે ગર્ભની સમસ્યાઓ તરફ દોરી શકે છે કારણ કે તેની વૃદ્ધિ અવરોધાય છે. તેનાથી બાળકને ગંભીર નુકસાન થઈ શકે છે. આ પ્રકારના બ્લડપ્રેશરને કારણે ગર્ભાવસ્થા ગુમાવવી પડી શકે છે. તેમણે એ પણ માહિતી આપી હતી કે હાઈપરટેન્શન ધરાવતી મહિલાઓને સગર્ભા થવા ઉપર વિશેષ કાળજી લેવાની જરૂર છે. ગર્ભધારણ થાય ત્યારથી સગર્ભા સ્ત્રી માટે બ્લડ પ્રેશરની નિયમિત તપાસ થવી જોઈએ. ૨૦ અઠવાડિયા પછી, વ્યક્તિએ ખૂબ જ સતર્ક રહેવું પડશે અને જો બ્લડ પ્રેશર ખૂબ જ વધી રહ્યું છે, તો વ્યક્તિએ તાત્કાલિક હોસ્પિટલમાં જવું જોઈએ. સગર્ભા સ્ત્રીઓને વધારાની કાળજી લેવી જોઈએ. પર્યાપ્ત આરામ ફરજિયાત છે. દિવસના સમયે પણ સૂવું જોઈએ કારણ કે પર્યાપ્ત ઊંઘથી બ્લડ પ્રેશરમાં આરામ મળે છે. સૌહાર્દપૂર્ણ વાતાવરણ જાળવવું જોઈએ. ઘરમાં, આહાર અને નિયમિત ચાલવા ઉપરાંત કોઈ તણાવ ન હોવો જોઈએ. બ્લડ પ્રેશર પર હવામાનની અસર વિશે, ગિરીએ કહ્યું કે ઉનાળામાં તાપમાન અને ભેજમાં પણ વધારો થાય છે, તેથી આપણે શરીરમાંથી મીઠું અને પાણી ગુમાવતા રહીએ છીએ. તે આપણા બ્લડ પ્રેશરને ઓછું કરી શકે છે. શિયાળા દરમ્યાન નીચા તાપમાનને લીધે, આપણી રક્તવાહિનીઓ સંકુચિત થઈ જાય છે અને તેનાથી બ્લડ પ્રેશર વધે છે. તેથી, શિયાળા દરમ્યાન તંદુરસ્ત વ્યક્તિમાં પણ બ્લડ પ્રેશર હંમેશા વધારે રહે છે.

# રાજ્યમાં હવે મિલકતનો દસ્તાવેજ બનાવતી વખતે આધારકાર્ડ આપવાનું રહેશે નહીં




અમદાવાદ તા.૧૫

ગાંધીનગર સ્ટેમ્પ અને નોંધણી ભવન દ્વારા જારી કરાયેલા એક પરિપત્ર મુજબ રાજ્યના તમામ સબ રજીસ્ટર ઓફિસને જાણ કરીને દસ્તાવેજની નોંધણી માટે જયારે દસ્તાવેજ સબ રજીસ્ટર કચેરીમા રજુ કરવામાં આવે ત્યારે દસ્તાવેજોની સાથે આધાર કાર્ડની નકલ રજુ કરવામાં આવતી હતી, અને તેને પુરાવાના દસ્તાવેજના ભાગરૂપે જોવામાં આવતું હતું, જેથી રાજયના તમામ સબ રજીસ્ટ્રરોને દસ્તાવેજની નોંધણી વખતે લખી આપનાર, લખાવી લેનાર, ઓળખ આપનારની ઓળખ માટે આધાર કાર્ડ કે તેનો નંબરનો ઉલ્લેખ કરવાનો રહેતો નથી અહીં સરકારને આ પગલું લેવાની ફરજ એટલા માટે પડી છે કે દસ્તાવેજની નોંધણી રજીસ્ટર નંબર ૧મા કરવામાં આવે છે અને રજીસ્ટર નંબર ૧ જાહેર રેકોર્ડ હોવાથી કોઈપણ અરજદાર નકલ મેળવી શકે છે જેથી આધાર નંબર અને આંગળાની છાપનો દુરૂપયોગ થવાનીની સંભાવનાર રહેતી હોવાથી હવે પછી લખી આપનાર લખાવી લેનાર ઓળખ આપનારના આધાર કાર્ડ કે આધાર નંબર લખવાની જરૂર રહેતી નથી બદલીમા સરકાર માન્ય ઓળખ કાર્ડ જેવા કે ચૂંટણી કાર્ડ, પાસપોર્ટ, અને દસ લાખથી ઉપરની રકમના દસ્તાવેજમા પાન કાર્ડને પુરાવા રૂપે અને અરજદારોના ફોટા લઈને દસ્તાવેજની નોંધણી કરાવી શકાય જેનો અમલ તારીખ ૧૧/૦૯/૨૦૨૩થી તાત્કાલિક અસરથી લાગુ પાડી દેવામાં આવ્યો છે.

# ચંદ્રયાન-૩, આદિત્યની સફળતા બાદ ઈસરોની નજર ગગનયાન-૧ મિશન ઉપર

**ગગનયાન-૧ મિશન હેઠળ ભારત પહેલી વખત માનવીને અંતરિક્ષમાં મોકલશે, આ એક અત્યંત જટિલ અને જોખમી મિશન ગણાય છે**

નવી દિલ્હી, તા.૧૫

ભારતે અંતરિક્ષમાં પોતાની કેપેસિટી સાબિત કરવા માટે વધુ એક મિશન ઉપર કામ શરૂ કરી દીધું છે. આ વખતે ભારત અંતરિક્ષ યાત્રીઓને સ્પેસમાં મોકલશે. તેના ભાગરૂપી એસ્ટ્રોનોટ્સને તાલીમ આપવામાં આવી છે જેમણે ત્રણ દિવસ સુધી સ્પેસમાં રહેવાનું રહેશે. પ્રોજેક્ટમાં કોઈ ખામી ન રહી જાય તે માટે ક્વોલિટી કન્ટ્રોલના ચૂસ્ત ધોરણો લાગુ કરવામાં આવશે. ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા ઈસરોએ તાજેતરમાં બે મોટી સફળતાઓ મેળવ્યા પછી તેણે વધુ એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે તૈયારી આદરી દીધી છે. ગયા મહિને ભારતે ચંદ્રયાન-૩ને ચંદ્રના સાઉથ પોલ પર સફળ રીતે ઉતરાણ કરાવ્યું હતું. ત્યાર પછી સૂર્યના સંશોધન માટે આદિત્ય એલ- ૧ને પણ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું છે. હવે ઈસરોની નજર ગગનયાન-૧ મિશન ઉપર છે. ગગનયાન-૧ મિશન હેઠળ ભારત પહેલી વખત માનવીને અંતરિક્ષમાં મોકલશે. આ એક અત્યંત જટિલ અને જોખમી મિશન હશે. આ પ્રોજેક્ટ માટે પ્રિસિઝન ટૂલ્સ અને કમ્પોનન્ટ બનાવવાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે. સીટીસીસી ભૂવનેશ્વર ખાતે આ ટૂલ્સ બનાવવામાં આવી રહ્યા છે. ભારતના અંતરીક્ષ કાર્યક્રમમાં ગગનયાન ૧ મોટી સિદ્ધિ ગણાશે. ગગનયાન એ માનવીને સ્પેસમાં મોકલવાનો પ્રોગ્રામ હશે તેથી તેમાં ખાસ કાળજી રાખવી પડશે અને કોઈ પણ જગ્યાએ જરાય ચૂક ન થાય તે જોવાનું રહેશે. ટોચના અધિકારીઓએ જણાવ્યું કે, ગગનયાન માટે જુદી-જુદી સિસ્ટમ બનાવવા માટે જે સ્પેશિયલ મેટલ અને એલોયની જરૂર પડે છે તે બધું ઈસરોને ડિલિવર કરી દેવાયું છે. ગગનયાન હેઠળ અંતરિક્ષમાં રોકેટ મોકલતા પહેલાં તમામ સાધનોનું પરીક્ષણ કરવામાં આવશે.

# બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ જૂનાગઢમાં પંચ પ્રકલ્પ અંતર્ગત પ્રાકૃતિક પદ્ધતિથી રીંગણીના છોડનું વાવેતર કરવામાં આવ્યું



જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢ બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ ખાતે તા.૧૪/૦૯/૨૦૨૩ને ગુરૂવારના રોજ કોલેજના આચાર્ય ડો.પી. વી. બારસીયાની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ પંચ પ્રકલ્પ ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અંતર્ગત પ્રાકૃતિક પદ્ધતિથી રીંગણીના છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં કોલેજના ૫૦વિદ્યાર્થી ભાઈઓતથા બહેનોએ પ્રાકૃતિક રીતે ઉગાડવામાં આવેલા રીંગણીના છોડનું માટીના કુંડામાં વાવેતર કર્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત તૈયાર થનાર રીંગણી છોડનું વિદ્યાર્થીઓ દ્વારા ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીની પદ્ધતિથી ઉછેર અને માવજત કરવામાં આવશે. ત્યારબાદ છોડના વિકાસ અને તેને આવનાર ફળને ધ્યાનમાં રાખીને સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. આજે રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓના બહોળા ઉપયોગના કારણે માણસ અનેક બીમારીઓનો ભોગ બને છે ત્યારે વિદ્યાર્થીઓ પ્રાકૃતિક પદ્ધતિથી થતી ગૌ આધારિત ખેતીથી માહિતગાર થાય અને રસાયણ યુકત ઝેરી ખાદ્ય પદાર્થોના સ્થાને શુદ્ધ અને સાત્વિક શાકભાજીનું મહત્વ સમજી ખોરાકમાં તેનો ઉપયોગ કરતા થાય એવા ઉમદા હેતુસર આ પ્રવૃત્તિ કરવામાં આવી હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પંચ પ્રકલ્પ સમિતિ અધ્યક્ષ પ્રા.ચંદ્રકાંતએમ. વણકર અનેગૌ આધારિત પ્રાકૃતિક ખેતી પ્રકલ્પના અધ્યક્ષ ડો.એચ.એમ રાજયગુરૂએ અત્રેની કોલેજના આચાર્યડો.પી. વી. બારસીયાના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું. આ પ્રવૃત્તિમાં ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડો.ફિરોઝ શેખ, સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો.જયસિંહ ઝાલા, યુની.ના આઈ.ટી. સેલના ડો.જીતુભાઈ ભાલોડીયા, લાઈફ સાયન્સના ડો.દુષ્યંત દુધાગરા પણ ઉપસ્થિત રહ્યા હતા તેમજ કોલેજના સમગ્ર સ્ટાફગણ તથા અન્ય વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું .આ સ્પર્ધાના આયોજનથી વિદ્યાર્થીઓ ખૂબ જ પ્રોત્સાહિત થયા હતા. સમગ્ર સ્ટાફગણઅને વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# જૂનાગઢ જીલ્લા પંચાયતના પ્રમુખ -ઉપપ્રમુખને ફુલહારથી સન્માનીત કરી શુભકામના પાઠવવામાં આવી





જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢ જીલ્લા પંચાયતના પ્રમુખ તરીકે હરેશભાઈ ઠુમર તેમજ ઉપપ્રમુખ તરીકે મુકેશભાઈ કણસાગરાની વરણી થતા તેઓને વ્યાપક આવકાર મળી રહ્યો છે. આ દરમ્યાન આ બંને પદાધિકારીઓનો શુભકાના પાઠવવામાં આવી રહી છે. ભારતીય જનતાપાર્ટીના મિડીયા વિભાગના સભ્ય અને ભાજપના સક્રિય કાર્યકર જે.એ.કુરેશી અને ઓટોકન્સલ્ટ એસોસીએશન અને ભાજપના સક્રિય કાર્યકર અયુબખાન દરબાર દ્વારા પ્રમુખ અનો ઉપપ્રમુખશ્રીનો જૂનાગઢ જીલ્લા પંચાયત કચેરી ખાતે તેઓને ફુલહારથી સન્માનીત કરવામાં આવેલ હતા અનો તેઓને શુભકાના પાઠવવામાં આવી હતી.

## આગામી નવરાત્રી મહોત્સવની ઉજવણી અંતર્ગત

# અમદાવાદમાં મા શકિત સંધ્યા રાસ ગરબાનું ભવ્ય આયોજન

## ગોતા ખાતે ૪ લાખ ચોરસ ફૂટના વિશાળ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં દાંડિયા કિંગ જીગ્નેશ કવિરાજના પરફોર્મન્સ જોવા મળશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૫



નવરાત્રિના આનંદમાં ડૂબી જવા માટે તૈયાર થાઓ કારણ કે મા ઈવેન્ટ મેનેજમેન્ટ, હેલ્પિંગ હેન્ડ્સ સાથે મળીને મા શક્તિ સંધ્યા રાસ-ગરબા ઈવેન્ટનું આયોજન કરી રહ્યું છે. પરંપરા અને સંસ્કૃતિની રોમાંચક ઉજવણી તમામ ઉંમરના ગરબા ઉત્સાહીઓ માટે એક અવિસ્મરણીય અનુભવ પ્રદાન કરશે. મા શક્તિ સંધ્યા રાસ-ગરબા ઈવેન્ટ તેની ભવ્યતા અને ઉત્સવના ઉત્સાહ સાથે ઉપસ્થિતોને મોહિત કરવા માટે તૈયાર છે. નવ-દિવસીય ઉજવણીની વિશેષતા પ્રખ્યાત કલાકાર અને દાંડિયા રાજા જીગ્નેશ કવિરાજ દ્વારા વિશિષ્ટ પર્ફોર્મન્સહશે,જે સુનિશ્ચિત કરશે કે ગરબા માણનારાઓ પરંપરાગત ગુજરાતી નૃત્ય અને સંગીતમાં શ્રેષ્ઠ રીતે વર્તે છે. મા શક્તિ સંધ્યા રાસ-ગરબા ઈવેન્ટ ૧૫ થી ૨૩ ઓક્ટોબર સુધી એસજી હાઈવે પર ગોતામાં ૪ લાખ ચોરસ ફૂટના ક્રિકેટ ગ્રાઉન્ડમાં યોજાશે. એક સમયે ૧૦,૦૦૦થી ૧૨,૦૦૦લોકોને હોસ્ટ કરવાની ક્ષમતા સાથે, સ્થળ ગરબા માણનારાઓને તેમના હૃદયની લય પર નૃત્ય કરવા માટે પૂરતી જગ્યા પ્રદાન કરશે. આ ઈવેન્ટ અમદાવાદમાં નવરાત્રિની ઉજવણીના વાઈબ્રન્ટ એપિસેન્ટરમાં સ્થળને પરિવર્તિત કરશે તે નિશ્ચિત છે. ઈવેન્ટ વિશે પ્રતિક અમીન અને જયદીપસિંહ ગોહિલે (આયોજકો) જણાવ્યું હતું કે, “મા શક્તિ સંધ્યા રાસ-ગરબા ઈવેન્ટ માત્ર ઉજવણી નથી, તે આપણા સાંસ્કૃતિક વારસા અને પરમ દેવી પ્રત્યેની ભક્તિનું મૂર્ત સ્વરૂપ છે. આ એક એવો સમય છે જ્યારે લોકો ભેગા થાય છે, તેમની ચિંતાઓ ભૂલી જાય છે અનેપરંપરાનાધબકાર પર નૃત્ય કરે છે. અમે આ ભવ્ય ઉજવણી રજૂ કરવા માટે રોમાંચિત છીએ, અને અમે દરેકને આનંદ અને ભક્તિની નવ રાત માટે અમારી સાથે જોડાવા માટે આવકારીએ છીએ." મા શક્તિ સંધ્યા રાસ-ગરબા કાર્યક્રમના આયોજકો પ્રતિક અમીન, યોગેશ પટેલ, રાજ શાહ, મિતેશ પટેલ, જયદિપસિંહ ગોહિલ અને અભિષેક જૈન છે.ગરબા ઈવેન્ટની અન્ય એક વિશેષતા એ એક વિશાળ ફૂડ કોર્ટ છે, જે સુનિશ્ચિત કરે છે કે ઉત્સવોનો આનંદ માણતી વખતે ઉપસ્થિત લોકો સ્વાદિષ્ટ નાસ્તા અને ખોરાકનો સ્વાદ લઈ શકે. ગરબા માણનારાઓને કાર્યક્રમમાં પહોંચતી વખતે કોઈ અસુવિધાનો સામનો ન કરવો પડે તે માટે વિશાળ પાર્કિંગ વિસ્તારની વ્યવસ્થા કરવામાં આવી છે. સાચી ગુજરાતી ભાવનામાં, મા શક્તિ સંધ્યા રાસ-ગરબા ઈવેન્ટમાં ઘણી જાણીતી હસ્તીઓની સહભાગિતા પણ જોવા મળશે, જે ઉજવણીમાં ગ્લેમરનુંવધારાનું સ્તર ઉમેરશે. ગરબા માત્ર એક નૃત્ય કરતાં વધુ છે, તે ગુજરાતના હૃદયની ધડકનછે, એક રાજ્ય કે જે સર્વોચ્ચ દેવી પ્રત્યેની તેની અતૂટ ભક્તિ વ્યક્ત કરવા માટે ગર્વથી નવરાત્રીની ઉજવણી કરે છે. ઉજવણીની નવ રાત્રિઓ વિશ્વના કોઈપણ ભાગમાં અજોડ છે, તેથી જ નવરાત્રીને ઘણીવાર વિશ્વના સૌથી લાંબા નૃત્ય ઉત્સવ તરીકે વર્ણવવામાં આવે છે. હેલ્પિંગ હેન્ડ્સ એ અમદાવાદ સ્થિત એક સખાવતી સંસ્થા છે, જે રકતદાન શિબિરોનું આયોજન કરે છે, વૃક્ષારોપણની ઝુંબેશ હાથ ધરે છે અને અન્ય વિવિધ સામાજિક પહેલોને સમર્થન આપે છે.

# માંગરોળ ગોપાલ કૃષ્ણ ગૌશાળા દ્વારા અમરનાથ દર્શનનું આયોજન કરાયું

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૧૫



માંગરોળમાં કામનાથ રોડ ઉપર આવેલ ગોપાલ કૃષ્ણ ગૌશાળાના પટાંગણમાં બાબા બર્ફાની અમરનાથ દર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ ઉપસ્થિત મુખ્ય મહેમાને ખેસ પહેરાવી સ્વાગત બાદ આગેવાનો, ટ્રસ્ટીઓના હસ્તે દિપપ્રાગટ્ય કરી બરફના શિવલીંગ બાબા અમરનાથના દર્શનનો શુભારંભ કરાતા માંગરોળ સહીત આસપાસના મોટી સંખ્યામાં દર્શનાર્થી લોકો બર્ફાની બાબાના દર્શન કરવા ઉમટી પડ્યા હતા. આ તકે દર્શનાર્થીઓ દ્વારા આ સુંદર કાર્યની પ્રશંસા કરતા માંગરોળની ભુમીમાં અમરનાથ દર્શન જેવોજ અનુભવ થાય તેવો પ્રતિભાવ આપેલ બર્ફાની બાબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. શ્રાવણમાસમાં તારીખ ૧૩ અને ૧૪ ચૌદસ અને અમાસ નિમીતે બે દિવસ સુધી આયોજીત અમરનાથ દર્શનનો વધુમાં વધુ દર્શનાર્થીઓને લાભ લેવા ગૌશાળાના પ્રમુખ સહીત ટ્રસ્ટીઓ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી હતી. આ દરમ્યાન માંગરોલના અગ્રણીઓ વેલજીભાઈ મસાણી, ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, કિશનભાઈ પરમાર, પત્રકારમિત્રો તેમજ આગેવાનોએ દર્શનનો લાભ લીધેલ. આ દર્શન માટે પ્રમુખ લીનેશભાઈ સોમૈયા તથા પરેશભાઈ જોષી સહિત ગૌશાળાના સભ્યોએ ખૂબ જહેમત ઉઠાવેલ અને કાર્યક્રમનું સુંદર સંચાલન રમેશભાઈ જોષી કરેલ હતું.

# અરવલ્લીના મોડાસા ખાતે રૂા.૧૨૧ કરોડથી વધુના ખર્ચે જીલ્લાકક્ષાની આધુનિક હોસ્પિટલ તૈયાર કરાશે

## આગામી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં હોસ્પિટલ કાર્યરત કરવાનું આયોજન : ઋષિકેશ પટેલ

ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ‘જયાં માનવી ત્યાં સુવિધા’ના મંત્ર સાથે ગુજરાત સરકાર કાર્ય કરી રહી છે. ગુજરાતના છેવાડાના આદિજાતિ સહિતના નાગરિકોને શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાઓ પોતાના વિસ્તારમાં ઉપલબ્ધ થાય તેવા ઉમદા હેતુથી અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે રૂ. ૧૨૧ કરોડથી વધુના ખર્ચે જિલ્લા કક્ષાની સુવિધાયુકત આધુનિક હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવનાર છે. જેનું કામ હાલમાં પ્રગતિ હેઠળ છે. આગામી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં આ હોસ્પિટલ કાર્યરત કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે, તેમ આજે ગુજરાત વિધાનસભા ગૃહમાં ભિલોડાના ધારાસભ્ય પી.સી.બરંડા દ્વારા પુછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં આરોગ્ય મંત્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું.

આરોગ્ય મંત્રીએ પેટા પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે, ભિલોડાની સરકારી હોસ્પિટલ ખાતે જનરલ મેડિસિન, સાઈકીયાટ્રિક, જનરલ સર્જરી, ઓબ્સેસ્ટ્રિક્સ એન્ડ ગાયનકેલોજી એમ ૧૫ જેટલી ક્લિનિકલ સેવાઓ, ૭ જેટલી વિવિધ ડાયગ્નોસ્ટિક સેવાઓ તેમજ ૧૨ જેટલી ઓક્ઝિલરી સેવાઓ ઉપલબ્ધ છે. આ હોસ્પિટલમાં તા. ૩૧ જુલાઈ ૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧,૨૫,૬૪૦ બહારના દર્દીઓ, ૪૪,૮૯૦ અંદરના દર્દીઓ, ૭૮૦ જેટલી પ્રસુતિ તેમજ ૨,૩૬,૩૪૦ વિવિધ લેબ ટેસ્ટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૯૯૬ મેજર તેમજ ૧૭,૫૭૧ માઈનોર ઓપરેશન કરવામાં આવ્યા છે. હિંમતનગરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ ઝાલા દ્વારા પૂછાયેલા પૂરક પ્રશ્નનો ઉત્તર આપતા મંત્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા આદિજાતિ વિસ્તાર માટે નક્કી કરેલા માપદંડ મુજબ અરવલ્લી જિલ્લામાં ૧૦ની સામે ૧૧ સામૂહિક આરોગ્ય કેન્દ્રો જ્યારે ૩૬ની સામે ૩૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે જે નાગરિકોના હિતમાં રાજ્ય સરકારની આરોગ્યની પ્રાથમિકતા દર્શાવે છે.

# ઓમકારેશ્વરમાં ૨૧૦૦ કરોડના ખર્ચે આદિ શંકરાચાર્યની ૧૦૮ ફૂટની પ્રતિમાનું નિર્માણ કરાશે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૮ સપ્ટેમ્બરે ઉદ્‌ઘાટન કરશે

અમદાવાદ,તા.૧૫



મધ્યપ્રદેશ તેની સાંસ્કૃતિક વારસો, ધાર્મિક પર્યટન, વન્યજીવ પર્યટન અને કુદરતી સમૃદ્ધિ માટે જાણીતું છે. મધ્યપ્રદેશમાં નવા પર્યટન કેન્દ્રો બનાવવામાં આવી રહ્યા છે તેના કારણે અહીંના પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓની સંખ્યા વધી રહી છે. તેનું જીવંત ઉદાહરણ ઉજ્જૈનનો મહાકાલ કોરિડોર છે.જ્યાં હાલમાં કોરિડોર અને મહાકાલેશ્વર મંદિરમાં દરરોજ દોઢ લાખ લોકો દર્શનાર્થે આવે છે. મધ્યપ્રદેશ ધાર્મિક પ્રવાસન માટે સમગ્ર ભારતમાં લોકપ્રિય છે. રાજયમાં બે જ્યોતિર્લિંગ મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ અને ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ છે. આ સાથે રાજા રામ મંદિર ઓરછા, શારદાદેવી મા મૈયાર શક્તિપીઠ અને પવિત્ર નર્મદા પરિક્રમા જેવા અલૌકિક સ્થળો છે. અન્ય ધાર્મિક પ્રવાસન સ્થળોમાં પશુપતિનાથ-મંદસૌર, તીર્થરાજ-અમરકંટકનો સમાવેશ થાય છે. ભારતના સૌથી મોટા શિવલિંગોમાંનું એક ભોજપુર, ચિત્રકૂટ છે, જ્યાં ભગવાન રામચંદ્ર તેમના વનવાસ દરમિયાન રોકાયા હતા. મધ્યપ્રદેશમાં આગામી સમયમાંવિવિધ ધાર્મિક સ્થળો પર વિવિધ કોરિડોર અને પ્રતિમાઓનું નિર્માણ કરવામાં આવશે. ઓમકારેશ્વરમાં ૨૧૦૦ કરોડના ખર્ચે આદિ શંકરાચાર્યની ૧૦૮ ફૂટની પ્રતિમાનું નિર્માણ કરવામાં આવી રહ્યુંછે. જેનુંઉદ્‌ઘાટનદેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૮ સપ્ટેમ્બરે કરશે. આ સાથે ઓરછા સ્થિત રાજા રામ મંદિરમાં રાજા રામ લોક (કોરિડોર) પણ બનાવવામાં આવી રહ્યો છે. ઉજ્જૈનમાં બનેલા મહાકાલ લોકની જેમ સાલકાનપુરના વિજયાસન દેવી મંદિરમાં પણ ૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે દેવી લોક (કોરિડોર) બનાવવામાં આવશે. અગ્રસચિવ પ્રવાસન અનેમેનેજિંગ ડિરેક્ટર, મધ્ય પ્રદેશ પ્રવાસનબોર્ડ શિવ શેખર શુક્લાએ જણાવ્યું હતું કે. રાજ્યમાં ધાર્મિક પ્રવાસનસ્થળો પર નવા કોરિડોર અને વિશાળ પ્રતિમાઓનું નિર્માણ પ્રવાસનને વેગ આપશે. આનાથી સ્થાનિક સમુદાયોમાં રોજગારીની નવી તકો પણ ઊભી થશે. મધ્યપ્રદેશના સુરક્ષિત અને સમૃદ્ધ રાજયમાં તમારું સ્વાગત કરવામાં અમને આનંદ થાય છે. મધ્યપ્રદેશમાં નવા પર્યટન કેન્દ્રો બનાવવામાં આવી રહ્યા છે તેના કારણે અહીંના પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓની સંખ્યા વધી રહી છે. તેનું જીવંત ઉદાહરણ ઉજ્જૈનનો મહાકાલ કોરિડોર છે. જ્યાં હાલમાં કોરિડોર અને મહાકાલેશ્વર મંદિરમાં દરરોજ દોઢ લાખ લોકો દર્શનાર્થે આવે છે.



વારંવાર વિવાદાસ્પદ નિવેદનો કરી અને ગીનીઝ બુકમાં નામ નોંધાવા માંગતો લાગે છે !



તમે પક્ષ પલ્ટો કરી અને જે પક્ષમાં જશો તે પક્ષની હાલત બગડી જશે !

